RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૬    શનિવાર તા.૨૦-૦૬-૨૦૨૬    અંક : ૨૮૪ વર્ષ : ૨૩    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# અમેરિકા-ઈરાન શાંતિ કરાર જોખમમાં

## ઇઝરાયલે લેબનોન પર બોમ્બમારો કર્યો, તેહરાને વાટાઘાટો અટકાવી

## દક્ષિણ લેબનોનમાં ઇઝરાયલી હુમલામાં મૃત્યુઆંક ૧૮ થયો

તહેરાન,

યુએસ અને ઈરાન વચ્ચેના કરાર બાદ, વાણિજ્યિક જહાજો વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ફરી પસાર થવા લાગ્યા છે. જોકે, યુએસના ઉપપ્રમુખ જેડી વાન્સે ઈરાન તરફથી ભવિષ્યમાં ટોલ ટેક્સની શક્યતાનો સીધો જવાબ આપવાનો ઇનકાર કર્યો છે, જેના કારણે વૈશ્વિક તેલ, શિપિંગ અને ઉર્જા ક્ષેત્રોમાં અનિશ્ચિતતા સર્જાઈ છે. જ્યારે બંને દેશો વચ્ચે હસ્તાક્ષર કરાયેલ સમજૂતી કરાર શરૂઆતના ૬૦ દિવસ માટે જહાજોને "કોઈપણ ફી વિના સલામત માર્ગ" ની ખાતરી આપે છે, ત્યારે વિશ્વભરના જહાજ માલિકો અને ઉર્જા કંપનીઓ આ સમયગાળા પછી જળમાર્ગના કાયમી શાસન અને દરિયાઈ સેવાઓ નક્કી કરવા માટે ઈરાન, ઓમાન અને અન્ય ગલ્ફ દેશો વચ્ચે આગામી ત્રિપક્ષીય વાટાઘાટો પર નજીકથી નજર રાખી રહ્યા છે.



દક્ષિણ લેબનોનમાં ઈઝરાયલી હુમલામાં મૃત્યુઆંક ૧૮ થયો છે, જેમાં વધુ એક વ્યક્તિનું મોત થયું છે. લેબનીઝ નેશનલ ન્યૂઝ એજન્સી એ અહેવાલ આપ્યો છે કે શુક્રવારે મધ્યરાત્રિથી હુમલાઓ ચાલુ છે. લેબનીઝ જાહેર આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, મધ્યરાત્રિ પછી થયેલા હુમલાઓમાં ૩૩ અન્ય લોકો પણ ઘાયલ થયા હતા.ઈઝરાયલ અને લેબનોન વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં ચાર સૈનિકો માર્યા ગયા છે. એસોસિએટેડ પ્રેસને ટાંકીને, ઈઝરાયલી સેનાએ અહેવાલ આપ્યો છે કે દક્ષિણ લેબનોનમાં લડાઈ તીવ્ર બની છે. તીવ્ર ગોળીબાર દરમિયાન ચાર સૈનિકો માર્યા ગયા.ઈરાન કહે છે કે દક્ષિણ લેબનોન પર ઈઝરાયલી હુમલાઓના અંત સાથે, કબજો પણ સમાપ્ત થવો જોઈએ. બીજી તરફ, ઈઝરાયલ કહે છે કે ઈરાન સમર્થિત શિયા લશ્કર હિઝબુલ્લાહ એક ખતરો છે. તેથી, સેના પાછી નહીં હટે. ઈઝરાયલ દલીલ કરે છે કે તેને હિઝબુલ્લાહ સામે લડવા માટે સંપૂર્ણ સ્વતંત્રતાની જરૂર છે, કારણ કે તેના લડવૈયાઓ ઉત્તર ઈઝરાયલ પર હુમલો કરી રહ્યા છે. મંત્રણા મુલતવી રાખવાના સમાચાર હિઝબુલ્લાહ સાથે રાજકીય રીતે જોડાયેલી પેન-અરબ સેટેલાઈટ ચેનલ અલ-માયાદીન પર પ્રસારિત થયેલા એક સમાચાર અહેવાલ પછી આવ્યા. તેમાં કહેવામાં આવ્યું હતું કે લેબનોનમાં ઈઝરાયલના લશ્કરી કાર્યવાહીને કારણે ઈઝરાયલ તેના પ્રતિનિધિમંડળને સ્વિટ્ઝર્લેન્ડ મોકલવામાં વિલંબ કરી રહ્યું છે.

## પહેલગામ અને બાલતાલમાં ૪૫ પર્વત બચાવ ટીમો સ્ટેન્ડબાય પર રહેશે, ૨૧ સ્થળોએ તૈનાત

શ્રીનગર,

૩ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા દરમિયાન યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પહેલગામ અને બાલતાલ રૂટ પર પિસ્તાળીસ પર્વત બચાવ ટીમો તૈનાત કરવામાં આવશે. જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક નલિન પ્રભાતે ગુરુવારે આ ટીમોને લીલી ઝંડી આપી હતી. તેમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ, એસડીઆરએફ, એનડીઆરએફ, સીડીઆરએફ, એસએસબી અને બીએસએફના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં સ્થિત પવિત્ર અમરનાથ ગુફાના બંને માર્ગો પર ૨૧ સ્થળોએ આ ટીમો તૈનાત કરવામાં આવશે. એસડીઆરએફના ડિરેક્ટર ઇમ્તિયાઝ હુસૈન મીરે શ્રીનગરમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે દર વર્ષની જેમ, યાત્રાળુઓને મદદ કરવા માટે ટીમો તૈનાત કરવામાં આવશે. શ્રદ્ધાળુઓને તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જો કોઈ આપત્તિ આવશે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે અને તેનો સામનો કરવામાં આવશે.યાત્રાના સફળ સંચાલન માટે અન્ય સુરક્ષા દળો સાથે જમ્મુ અને કાશ્મીર પોલીસની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આ પર્વત બચાવ ટીમો ખાસ તાલીમ પામેલી છે. આમાંના મોટાભાગના કર્મચારીઓને પહેલા પણ તૈનાત કરવામાં આવ્યા છે. તેઓ દેશના ખૂણે ખૂણેથી આવતા યાત્રાળુઓને, ખાસ કરીને કટોકટીની પરિસ્થિતિઓમાં, તમામ પ્રકારની સહાય પૂરી પાડે છે. મીરે જણાવ્યું હતું કે આ વર્ષે તૈનાત માટે વધારાના પ્રયાસો કરવામાં આવ્યા છે. સાધનો પણ વધારવામાં આવ્યા છે.




## અલ નીનોની અસર વચ્ચે ગુજરાતમાં ૨૫ જૂન પછી ચોમાસુ જામશે સૌરાષ્ટ્રથી ૯૦૦ કિ.મી. દૂર અટક્યું

### પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ,

ગુજરાતના ખેડૂતો અને નાગરિકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તે ચોમાસાને લઈને હવામાન વિભાગ દ્વારા મહત્વનું પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મોસમ વિજ્ઞાન વિભાગના વિવિધ મોડેલોના આધારે જાહેર કરાયેલી માહિતી મુજબ, ગુજરાતમાં ૨૫ જૂન પછી વિધિવત ચોમાસું બેસે તેવી શક્યતા છે. જો કે, રાહતની વાત એ છે કે પ્રશાંત મહાસાગરમાં સક્રિય 'અલ નીનો'ની નકારાત્મક અસરને ખાળવા માટે હિંદ મહાસાગરમાં પોઝિટિવ આઈ.ઓ.ડી. ચોમાસા દરમિયાન મદદે નહીં આવે, તેમ છતાં સ્થાનિક મોસમ પલટો રાજ્યને વરસાદની અછતમાંથી ઉગારી શકે છે.



નૈઋત્યનું ચોમાસું ૪ જૂને કેરલમાં પ્રવેશીને ૮ જૂન ૨૦૨૬ના રોજ મહારાષ્ટ્રમાં પહોંચ્યું હતું. પરંતુ છેલ્લા ૧૦ દિવસથી સાનુકૂળ સંજોગો ન હોવાને કારણે ચોમાસું આગળ વધતું અટકી ગયું છે. હાલમાં ચોમાસું મહારાષ્ટ્રના દક્ષિણ વિસ્તારમાં સ્થિર થયું છે અને મુંબઈ સુધી પણ પહોંચ્યું નથી. સૌરાષ્ટ્રના દરિયાકાંઠાથી આશરે ૯૦૦ કિ.મી. દૂર ચોમાસું સુસ્ત થઈને પડ્યું છે. આગામી ૩ થી ૪ દિવસ બાદ આ સિસ્ટમ ફરી સક્રિય થઈને ઓડિશા અને તેલંગાણા તરફ આગળ વધે તેવી સંભાવના છે. એકંદરે ૨૪ જૂન સુધી દેશભરમાં ચોમાસું નબળું રહેવાની આગાહી છે, પરંતુ ત્યારબાદ એક સપ્તાહમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશની સાથે ગુજરાતમાં પણ ચોમાસાનો પ્રવેશ થઈ શકે છે. જો કે, આ વર્ષે વરસાદનું એકંદર પ્રમાણ સામાન્યથી ઓછું રહેવાનો અંદાજ છે.

રાજ્યમાં ભલે વિધિવત ચોમાસાના અણસાર હજુ સુધી દેખાયા ન હોય, પરંતુ પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## કાશ્મીર અને આતંકવાદ પર ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો

સંયુક્તરાષ્ટ્ર,

આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત દ્વારા પાકિસ્તાનને ફરી એકવાર અપમાનિત કરવામાં આવ્યું છે. આતંકવાદ અને કાશ્મીર પર ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં યોગ્ય જવાબ આપ્યો છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને ઠપકો આપ્યો છે.

ભારતીય રાજદ્વારી અનુપમા સિંહે પાકિસ્તાનના ખોટા આરોપોનો કડક જવાબ આપ્યો અને તેને પીઓકે ખાલી કરવાની ચેતવણી આપી. સિંહે જણાવ્યું કે પાકિસ્તાન અને ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન તેમના હોદ્દાનો દુરુપયોગ કરી રહ્યા છે અને ભારત પર ખોટા આરોપો લગાવી રહ્યા છે, જેનો અમે સ્પષ્ટપણે ઈનકાર કરીએ છીએ.

રાજદ્વારી અનુપમા સિંહે જણાવ્યું કે અમે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા દુર્ભાવનાપૂર્ણ અને પાયાવિહોણા આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢીએ છીએ. અમે જમ્મુ અને કાશ્મીર અંગે ઓઆઈસીના નિવેદનોને પણ સંપૂર્ણપણે નકારી કાઢીએ છીએ. પાકિસ્તાને પોતાની ઘરેલું નિષ્ફળતાઓ અને આતંકવાદને સમર્થન છુપાવવા માટે આ પ્રચાર કર્યો છે.






# જસદણના જંગવડ ગામે પરિણીતાનું બાવડુ પકડી પાડોશીનો નિર્લજ્જ હુમલો : પુત્રીને પણ મારમાર્યો

## જૂની અદાવત અને ઘર પાસે માટી નાંખવાની ના પાડતાં જ પાડોશી પરીવાર તૂટી પડ્યો

રાજકોટ,

જસદણના જંગવડ ગામે પરિણીતાનું બાવડુ પકડી સાડી ખેંચી પાડોશીએ નિર્લજ્જ હુમલો કરી તેમની પુત્રીને પણ મારમારતા આટકોટ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જસદણના જંગવડ ગામે રહેતી ૩૨ વર્ષીય પરિણીતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શીતલ કમલેશ નારીગરા, લખમણ રાઘવ નારીગરા અને કમલેશ લખમણ નારીગરા (રહે. ત્રણેય જંગવડ, જસદણ) નું નામ આપતાં આટકોટ પોલીસે નિર્લજ્જ હુમલો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પશુપાલનનો વ્યવસાય કરે છે. તેણીને સંતાનમાં બે પુત્રી- એક પુત્ર છે.

સાડા ત્રણેક વર્ષ પહેલા તેમના પતિ, જેઠ, દિયર તથા સસરા મકાનની સામે રહેતા શીતલબેન નારીગરાએ એટ્રોસીટીની ફરીયાદ કરેલ હતી. જેમાં પતિ, જેઠ, દિયર અને સસરા કોર્ટમાંથી જામીન ઉપર છુટેલ છે. કોર્ટ દ્વારા તેઓને જંગવડ ગામમાં પ્રવેશવાની મનાઈ કરવામાં આવેલ હોય જેથી તેઓ જંગવડ ગામેથી ગુંદાળા(જામ) ગામની સીમમાં રહેવા જતા રહેલ હતાં.સાતેક દિવસ પહેલા સવારના તેણી જંગવડ ગામે ઘરે આંટો મારવા ગયેલ ત્યારે આ શીતલબેનના પતિ કમલેશ નારીગરા શેરીમાં મળેલ તો ગાળો બોલવા લાગેલ પરંતુ તેણી કાંઈ બોલેલ નહીં અને ઘરે આંટો મારી પરત તેઓ રહેતા હોય ત્યાં ગુંદાળા (જામ) ગામની સીમમાં જતી રહેલ હતી. તેણી જયારે પણ જંગવડ ઘરે કોઇ કામ સબબ જાવ ત્યારે આ શીતલબેન તથા તેનો પતિ કમલેશ અને સસરા લખમણ નારીગરા તેણીને જોઈને ગાળો બોલતા હોય છે.

બાદ ગઈકાલે સવારના તેણી અને તેમની પુત્રીઓને જંગવડ ગામે અભ્યાસ કરવા માટે મુકવાની હોય જેથી જંગવડ ગામે કધયા શાળાએ લીવીંગ સર્ટી આપવા માટે ગયેલ હતી. ત્યાંથી ગામમાં આવેલ ઘરે આટો મારવા ગયેલ તો મકાનની દિવાલે માટી તથા પથ્થરો નાખેલ અને હલાણનો દરવાજો તોડી નાખેલ જોવામાં આવતા શીતલબેનને કહેલ કે, તમે શુ કામે અમારા ઘરની દિવાલે માટી તથા પથ્થર નાખો છો?તો તે ગાળો બોલવા લાગેલ અને તેના સસરા લાકડી લઈ ઘર બહાર નિકળેલ અને કહેવા લાગેલ કે, માટી તથા કચરો તમારી દિવાલે જ નાખવો છે તારે જયા જાવું હોય ત્યાં જાજે તેમ કહી લાકડીનો એક ઘા પગમાં મારી ઝપાઝપી કરવા લાગેલ અને બાવડુ પકડી આબરૂ લેવાના ઈરાદે સાડી ફાડી નાખેલ હતી.

આ વખતે દિકરી વચ્ચે પડતા શીતલબેને દીકરીને પકડી નીચે પછાડી દીધેલ અને તેને પણ ઢીકા પાટુનો માર મારેલ હતી. બંને મા-દિકરી જીવ બચાવી ભાગવા જતા આ લખમણએ પાછળથી પથ્થરનો છુટો ઘા મારતા પગમાં ઈજા પહોંચી હતી. દરમિયાન શીતલ અને તેના સસરા લખમણ બન્ને કહેવા લાગેલ કે, તમે હવે તમારા ઘર બાર ભુલી જાજો અને હવે કયારેય અહીં દેખાયા છો તો જીવતા પાછા નહીં જવા દઈએ એટલુ યાદ રાખજો તેમ કહી ધમકી આપેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આટકોટ પોલીસે તપાસ આદરી હતી.

# રાજકોટના ખંભાળા નજીક બે મિત્રો ઉપર ફિલ્મી ઢબે હુમલો કરી બાઈકમાં પણ તોડફોડ

## ન્યારા ગામે જૂની અદાવતનો ખાર રાખીને બે યુવકો ઉપર છ શખ્સો તૂટી પડ્યા

રાજકોટ,


પડધરી તાલુકાના ન્યારા ગામે જૂની અદાવતનો ખાર રાખીને બે યુવકો ફિલ્મી ઢબે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે પડધરી પોલીસ સ્ટેશનમાં કુલ ૬ ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, રાજકોટ શહેરના કાલાવડ રોડ સ્થિત આંબેડકર નગરમાં રહેતા ૧૯ વર્ષીય પૃથ્વીભાઈ હેમંતભાઈ પરમારની ફરિયાદના આધારે ન્યારા ગામના રહેવાસી અરવિંદ ઉર્ફે આર્યન કેશુભાઈ વઘેરા, આર્યન વિનોદભાઈ વઘેરા, કેશુભાઈ વઘેરા, અમિતભાઈ અરજણભાઈ વઘેરા, અનિલભાઈ અરજણભાઈ વઘેરા, અને અરજણભાઈ વઘેરાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ પૃથ્વી ગત ૧૧ જૂન ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે બાર વાગ્યાની આસપાસ પોતાના મિત્ર સમીરભાઈ નિરૂભાઈ ગોહેલ સાથે મોટરસાઈકલ જીજે -૦૩-એમએ-૩૫૮૯ લઈ ન્યારા ગામે ગયા હતા. ન્યારા ગામે બજરંગ પાન પાસેથી પસાર થતી વખતે ત્યાં અગાઉથી હાજર આરોપીઓએ તેઓને જોઈ લીધા હતા અને સ્વિફ્ટ કાર તથા એક્સેસ મોટરસાઈકલ પર તેમનો પીછો કર્યો હતો. બન્ને મિત્રો પોતાનો જીવ બચાવવા ખંભાળા ગામ તરફ ભાગ્યા હતા, પરંતુ ખંભાળા રોડ પર મેલડી માતાના મંદિરના ગેટ પાસે આરોપીઓએ તેમને આંતરી લીધા હતા. આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી, ઘાતક હથિયારો ધારણ કરી બન્ને યુવકો પર તૂટી પડ્યા હતા. જેમાં પૃથ્વીભાઈ અને સમીરભાઈને ઢીકાપાટુનો મુઢ માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરોએ બન્ને યુવકોને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમના બાઈકને પણ નુકસાન પહોંચાડ્યું હતું.બન્ને મિત્રો ત્યાંથી જેમતેમ કરીને નાસી છૂટ્યા હતા, જેમાં ઈજાગ્રસ્ત સમીરભાઈને રાજકોટની આસ્થા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

હુમલા પાછળનું કારણ ફરિયાદી પૃથ્વીભાઈના જણાવ્યા અનુસાર, ગત ૨૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ ન્યારા ગામે એક મારામારીની ઘટના બની હતી, જેમાં તેઓ સામેલ ન હોવા છતાં તેમનું નામ ફરિયાદમાં લખાવવામાં આવ્યું હતું. આ બાબતે તેમણે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હોવાથી, હુમલાખોરોએ તેનો ખાર રાખીને આ જીવલેણ હુમલો કર્યો હતો.

# રાજકોટના સાનિધ્ય ગ્રીન-અક્ષર પ્રાઇમ હાઇરાઇઝમાં પાણીચોરીનું કૌભાંડ

## બિલ્ડિંગમાં મુખ્ય સપ્લાય લાઇનના વાલ્વમાં ડાયરેક્ટ પમ્પિંગ કર્યું : બન્ને એપાર્ટમેન્ટના એસો. ને રૂપિયા એક-એક લાખનો દંડ




રાજકોટ,

રાજકોટને પાણી પુરુ પાડતા ઘરઆંગણેના જળાશયોમાં ખાસ કરીને આજી ડેમ હાલની સ્થિતિએ તળિયાઝાટકની આરે આવી રહ્યો છે. ન્યારી ડેમમાં પણ કરકસર કરવી પડે તેવી હાલત વચ્ચે અનેક વિસ્તારોમાં પાણીના ધાંધિયા શરૂ થઇ ગયા છે. જ્યા મળે છે ત્યા પૂરતા ફોર્સથી આવતુ ન હોવાની પણ વ્યાપક ફરિયાદો વચ્ચે જરૂરિયાત પુરી કરવા માટે પાણીચોરીનું દુષણ પણ સાથે વધ્યુ છે.એ દરમિયાન શહેરના પોશ અને હાઈફાઈ વિસ્તાર ગણાતા સ્પીડવેડ પાર્ટી પ્લોટ સાનિધ્ય ગ્રેન એપાર્ટમેન્ટ તેમજ કણકોટ પાટિયા પાસેની વગડ ચોકડી નજીક અક્ષર પ્રાઇમ એપાર્ટમેન્ટ નામના હાઈરાઈઝ બિલ્ડીંગમાં પાણીચોરીનું તોસ્તાન કૌભાંડ પકડાયુ હતુ. બન્ને એપાર્ટમેન્ટના એસોસિએશનને રૂ.એક-એક લાખનો દંડ ફટકારવામા આવ્યો છે. સપ્લાય લાઇન પરના વાલ્વને ઇચ્છા થાય ત્યારે ખોલીને પાણી ચોરી કરવા ઉપરાંત મોટર મુકીને પાણીચોરી થતી હોવાની પણ મળેલી માહિતીના આધારે પાણી વિતરણના સમયે જ ચેકીંગ ટીમ ત્રાટકી હતી. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પીવાના પાણીના સમાન અને નિયમિત વિતરણને સુનિશ્ચિત કરવા માટે સતત મોનીટરીંગ અને ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત વોર્ડ નં. ૧૧ વિસ્તારમાં આવેલ કેટલાક હાઈરાઈઝ રહેણાંક બિલ્ડીંગોની તપાસ દરમિયાન ગંભીર અનિયમિતતાઓ ધ્યાને આવી હતી. એવી માહિતી મળી હતી કે, સ્પીડવેડ પાર્ટી પ્લોટ સાનિધ્ય ગ્રેન એપાર્ટમેન્ટ તેમજ કણકોટ પાટિયા પાસેની વગડ ચોકડી નજીક અક્ષર પ્રાઈમ એપાર્ટમેન્ટ નામના હાઈરાઈઝ બિલ્ડીંગમાં પાણીચોરી થઇ રહી છે.જેના આધારે લાઇન ચેક કરવામા આવતા મુખ્ય સપ્લાય લાઈનના વાલ્વમાં ચેડા કરી ઈચ્છા થાય ત્યારે ખોલી શકે તેવી કારીગરી કરી હતી. મનપાએ કડક ચેતવણી સાથે નાગરિકોને સ્પષ્ટપણે જણાવ્યુ છે કે પીવાના પાણીની લાઈન, વાલ્વ અથવા અન્ય કોઈપણ પાણી પુરવઠા સંબંધિત સાધનો સાથે અનધિકૃત ચેડાં કરવાં, પાણીની ચોરી કરવી અથવા મહાનગરપાલિકાની પાણી વિતરણ વ્યવસ્થામાં અવરોધ ઊભો કરવો એ ગંભીર અને દંડનીય ગુનો છે. ભવિષ્યમાં શહેરના કોઈપણ વિસ્તારમાં આવી પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ધ્યાને આવશે તો સંબંધિત વ્યક્તિઓ, સોસાયટીઓ અથવા સંસ્થાઓ સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લાગુ કાયદાકીય જોગવાઈઓ મુજબ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જરૂરી પડ્યે તો ફોજદારી ગુનો પણ દાખલ કરવામા આવી શકે છે.

# રાજકોટ સામાકાંઠાની ૫૩ સોસા. માં પાણીની અછત : 'આપ' પાર્ટીની આગેવાની હેઠળ મેયર સમક્ષ રજૂઆત

## નવા ચુંટાયેલા નગરસેવકો ધ્યાન આપતા નથીઃ ત્રણ ચાર દિવસે પાણી વિતરણથી રોષ



રાજકોટ,

રાજકોટના સામાકાંઠે વોર્ડ નં.૪ અને કુવાડવા રોડ પરની ૫૩થી વધુ સોસાયટીઓમાં છેલ્લા ઘણા દિવસોથી દુષિત પાણી, ધીમા ફોર્સે આવતુ પાણી તેમજ કયારેક તો ત્રણ ચાર દિવસ સુધી નસીબ થતુ ન હોવાની વ્યાપક બુમરાડ ઉઠી રહી છે. આ વિસ્તારના નવા ચુંટાયેલા નગરસેવકો ધ્યાન આપતા નથી અને અધિકારીઓ જવાબ દેતા નથી તેવા આક્રોષ સાથે ગઈકાલે મહીલાઓએ કુવાડવા રોડ ચક્કાજામ કર્યો હતો. દરમિયાન આજે સોસાયટીના આગેવાનો આમ આદમી પાર્ટીના રાહુલ ભુવા અને અન્ય અગ્રણીઓની આગેવાની હેઠળ મનપા કચેરીએ મેયર સમક્ષ લેખીતમાં રોષ ઠલવવામાં આવ્યા હતા.

મેયરને આપેલા આવેદનમાં જણાવાય મુજબ રાજકોટ શહેરના વોર્ડ નંબર ૪ માં કુવાડવા રોડ, મોરબી રોડ અને સેટેલાઈટ ચોક વિસ્તાર છેલ્લા ઘણા વર્ષોથી સતત વિકાસ પામી રહ્યો છે. આ વિસ્તારમાં વિવિધ નવા રહેણાંક પ્રોજેક્ટો, એપાર્ટમેન્ટ્સ, ટાઉનશિપો, વ્યાપારી સંકુલો અને નવી રહેણાંક સોસાયટી બનવાના કારણે વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. વધતી જતી વસ્તી અને ભવિષ્યની જરૂરિયાતોની સરખામણીએ પાણી સંગ્રહ, પાણી વિતરણ અને પાણી પુરવઠાની માળખાકીય સુવિધાઓનું આયોજન પૂરતા પ્રમાણમાં થયેલ નથી તે હેતુથી આમ આદમી પાર્ટી દ્વારા રજૂ કરવામાં આવતી મુખ્ય માંગણીઓ છે જેમાં હાલના અને ભવિષ્યના પાણી પુરવઠાને ધ્યાનમાં રાખીને યોગ્ય સ્થળે ઓછામાં ઓછી ૨૫ થી ૩૦ લાખ લિટર ક્ષમતાની આધુનિક ઓવરહેડ પાણીની ટાંકી (ઊજછ)નું નિર્માણ કરવામાં આવે.

આ ઉપરાંત મોરબી રોડ વિસ્તારના ઝડપી વિકાસને ધ્યાનમાં રાખીને મુખ્ય પાણી વિતરણ લાઈનોનું પુનઃઆયોજન કરવામાં આવે. જેમાં મુખ્ય ટ્રાન્સમિશન લાઈનનું અપગ્રેડેશન, મોટા ડાયામીટરની નવી પાઈપલાઈન, ભવિષ્યની વસ્તીને ધ્યાનમાં રાખી વધારે વિતરણ ક્ષમતા વિકસાવવામાં આવે. તેમજ આ વિસ્તાર માટે મોટી ક્ષમતાની (૫૦ લાખ લિટર) ભૂગર્ભ પાણી સંગ્રહ ટાંકી (ય્ઇ)નું નિર્માણ કરવામાં આવે.જયારે કુવાડવા રોડ, મોરબી રોડ અને સેટેલાઈટ ચોક વિસ્તાર માટે અલગ અને વિશેષ જાહેર કરવામાં આવે. જેમાં આગામી ૨૫ વર્ષનો વસ્તી વૃદ્ધિ અભ્યાસ, પાણીની ભાવિ માંગનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન જરૂરિયાત, નવી પાણી લાઈનોનું આયોજન, પાણી દબાણ વ્યવસ્થાપન યોજના, ઈમર્જન્સી પાણી વ્યવસ્થાપન યોજના, સ્માર્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ કરવાની જરૂર છે.

# રાજકોટમાં મનપા દબાણ હટાવ શાખાએ રાજમાર્ગો પરથી વધુ ૨૩૮૪ બોર્ડ-બેનર જપ્ત કર્યા

### મુખ્ય રસ્તાઓ પરથી ૧૦૩ રેંકડી, ૩૪૨૦ કિલો શાકભાજી-ફ્રુટ ભરી દંડ ફટકાર્યો




રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧ થી ૧૫ દરમ્યાન રેંકડી-કેબીન અને બોર્ડ-બેનરો જપ્ત કરવા કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના ધરાર માર્કેટ, સંતકબિર રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈનરોડ, સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયા ધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરાબજાર પાસેથી રસ્તા પર નડતર રૂપ ૧૦૩ રેકડી, કેબીન જપ્ત કરવામાં આવી હતી.તો રેસકોર્સ સહિતના રોડ પાસેથી જુદી-જુદી અન્ય ૫૬૧ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરાઈ હતી. અલગ અલગ વિસ્તારોમાંથી ૩૪૨૦ કિલો શાકભાજી, ફળ જપ્ત કરાયા હતા.

જુદા જુદા રસ્તેથી રૂા. ૨.૩૪ લાખનો મંડપ કમાન ચાર્જ અને રૂા. ૨.૩૩ લાખનો વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. તો સેટેલાઈટ ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, ચુનારાવાડ મેઈન રોડ,ઢેબર રોડ, રેસકોર્ષ રિંગ રોડ, જામનગર રોડ, બંજરવાડી સર્કલ પાસે, મહીલા અંડરબ્રિજ, કાલાવડ રોડ, મવડી મેઈન રોડ, ગોંડલ ચોકડી, પુનીત નગરનાં ટાંકા પાસેથી મવડી ચોકડી સુધી, પરથી ૨૪૪૯ બોર્ડ-બેનર જપ્ત કરવામાં આવ્યા હતા.

# વૃધ્ધ મહીલાને વિશ્વાસમા લઇ વાંધાજનક ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી રૂા. ૩,૬૦,૦૦૦ પડાવી લીધા

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

સોશિયલ મીડિયા મારફતે સાવરકુંડલા પંથકમાં રહેતી એક વૃદ્ધ મહીલાના સંપર્કમા આરોપીએ આવી વિડીયો કોલમાં વાત કરી વૃધ્ધ મહીલાને વિશ્વાસમા લઇ વોટસએપમા વાંધાજનક સ્ક્રીન શોર્ટના ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી વિશ્વાસઘાત કરી વૃધ્ધ મહિલા પાસેથી બળજબરી પુર્વક ઓનલાઈન માધ્યમથી ગુગલ પે મારફતે કુલ રૂ.૩,૬૦,૦૦૦ પડાવી લેનાર આરોપીને કચ્છ જીલ્લાના ખાવડા મુકામેથી ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સ આધારે પકડી પાડી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી રિમાન્ડની કાર્યવાહી હાથ ધરેલ છે.



સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર રહેતા એક ૬૫ વર્ષીય વૃધ્ધા સને-૨૦૨૫ ના અગિયારમા મહિનામાં ભુજ ગામે આવેલ સરપત નાકા બહાર, શાંતીનગર, કચ્છમાં એક રહેતા આરોપી મહમદ શબ્બીર નુરમહમદ સમાના સંપર્કમા આવેલ હતા. ત્યાર બાદ આ આરોપીએ વૃધ્ધા સાથે સાદા તથા વીડીયો કોલમા અવાર નવાર વાતચીત કરેલ હોય, અને વૃધ્ધાને આ આરોપી પ્રત્યે વિશ્વાસ બંધાતા અને બાદમાં બંને વીડીયો કોલમાં વાતચીત કરતા થાય હતા. તે દરમ્યાન ફરીયાદીના આરોપીએ આ વૃધ્ધના કમરથી ઉપરના ભાગના કપડા ઉતરાવેલ હતા. તેમજ બીજી વખતના વીડીયો કોલમા આરોપીએ આ વૃધ્ધાના કમરથી નીચેના ભાગના કપડા ઉતારી અને વૃધ્ધા પાસે મોઢુ ખોલાવેલ હોય, જે બંને વીડીયો કોલમાં કપડા ઉતારાવેલ અને મોઢુ ખોલાવેલના સ્ક્રીન શોર્ટ આરોપીએ આ વૃધ્ધાની જાણ બહાર પાડી લઈ તે સ્કિન શોર્ટ ફોટા આ વૃધ્ધા તથા તેમના દિકરાના મોબાઈલ ફોનના વોટસએપમા મોકલી અને ફોટા વાયરલ કરવાની અને આ વૃધ્ધા તથા તેમના દીકરને જાનથી મારી નાખવાની ધમકી આપી ગત તા.૨૩/૧૧/૨૫ થી તા.૭/૫/૨૬ સુધીના અલગ અલગ તારીખ અને સમયગાળા દરમ્યાન વૃધ્ધા સાથે વિશ્વાસઘાત કરી બળજબરી પુર્વક આરોપીએ તેના મોબાઈલ ઉપર ઓનલાઇન માધ્યમથી ગુગલ પે મારફતે કુલ રૂા.૩,૬૦,૦૦૦ પડાવી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.આ બનાવમાં સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક વિરલ ચંદન દ્વારા આ ગુન્હાઓમાં આરોપીઓને પકડી પાડવા અને જરૂરી કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટરશ્રી કે.બી.સોલંકીના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આરોપી મહમદ શબ્બીર નુરમામદ ઉર્ફે નુરમહમદ સમા નામના ઈસમને ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સ આધારે પકડી પાડી આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી રિમાન્ડની કાર્યવાહી હાથ ધરેલ છે.

# રાજકોટ ભગવતીપરામાં નિવૃત્ત એએસઆઇનું હૃદયરોગના હુમલાથી મોત

રાજકોટ,

રાજકોટ શહેરમાં હૃદયરોગના હુમલાના બનાવો વધી રહ્યા છે. ત્યારે શહેરમાં ભગવતીપરામાં રહેતા નિવૃત્ત એએસઆઈને હૃદયરોગનો હુમલો જીવલેણ નિવડ્યો હતો. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઇ જવા પામી છે.

ભગવતીપરામાં આવેલી ગાંધીસ્મૃતિ સોસાયટીમાં રહેતા નિવૃત્ત એએસઆઇ દેવદાનભાઇ જેસંગભાઇ ચાવડા (ઉ.વ.૭૦) આજે સવારે પોતાના ઘરે હતા. ત્યારે અચાનક બેભાન થઇ ઢળી પડતા તેમને સારવાર માટે તાત્કાલીક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે જોઇ તપાસી હાર્ટએટેક આવતા મરણ ગયાનુ જાહેર કરતા પરિવારજનોમાં ગમગીની છવાઇ જવા પામી હતી.




આ અંગે બીડિવિઝન પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક દેવદાનભાઇ પાંચ ભાઇ બે બહેનમાં મોટા અને તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. જેમાં એક પુત્ર રાજેશભાઇ હાલમાં ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હોવાનુ જાણવા મળ્યુ છે.

# રાજકોટ જીલ્લા પોલીસ દ્વારા ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ અંતર્ગત સાયબર ફ્રોડના કરોડો રૂપિયા ખાતાઓમાં સગેવગે થયા

રાજકોટ,

રાજકોટ જીલ્લા પોલીસ દ્વારા ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ અંતર્ગત સાયબર ફ્રોડના કરોડો રૂપિયા બેંક ખાતાઓમાં જમા થતાં પોલીસ એક્શનમાં આવી છે. ડિજિટલ ગુનાઓ આચરતા સાયબર ગુનેગારો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગુનેગારો દ્વારા છેતરપિંડીના નાણાં સગેવગે કરવા માટે જે બેંક ખાતાઓનો ઉપયોગ કરવામાં આવે છે, તેવા મ્યુલ એકાઉન્ટ્સ શોધી કાઢવા માટે પોલીસ દ્વારા 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' ચલાવવામાં આવી રહ્યું છે.

આ ઓપરેશન અંતર્ગત રાજકોટ ગ્રામ્ય વિસ્તારના વિંછીયા અને ગોંડલ ખાતે સાયબર ફ્રોડના કરોડો રૂપિયા બેંક ખાતામાં ટ્રાન્સફર થયા હોવાના બે મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે, જેમાં અલગ-અલગ પેઢીઓ અને ભાગીદારો સામે ગુના નોંધી તપાસ તેજ કરવામાં આવી છે. પ્રથમ કિસ્સામાં રાજકોટ રેન્જના સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ડાંગરે એક ફરિયાદ નોંધાવી છે. આ તપાસમાં બહાર આવ્યું છે કે વિંછીયા ખાતે આવેલી 'શક્તિ એન્ટરપ્રાઈઝ' નામની પેઢીના બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં દેશભરમાંથી થયેલા ૧૭ જેટલા સાયબર ફ્રોડની અરજીઓના કુલ રૂપિયા ૧.૦૬ કરોડ જમા થયા હતા. પોલીસ તપાસમાં આ પેઢીના ખાતાધારક તરીકે ત્રણ શખ્સો સામે આવ્યા છે જેમાં રાજકોટના પ્રકાશ રાજેશ મોરવાડીયા, ભુપગઢના અજેન્દ્ર દિલીપભાઈ ડોડીયા અને જસદણ સોમપીપળીયાના સુનિલ દેવશીભાઈ શેખ સામે ગુનો નોંધાયો છે. તપાસમાં જાણવા મળ્યું કે, આ આરોપીઓના ખાતામાંથી અન્ય ત્રણ પેઢીઓમાં કુલ રૂપિયા ૧.૩૧ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

જેમાં યુનિસફેર ઈન્ટરનેશનલ પ્રા. લી. ના ખાતામાં રૂ.૬૫ લાખ અને ટ્રેડ કુન ઈન્ટરનેશનલ પ્રા. લી. ના ખાતામાં રૂ.૩૪ લાખ અને સાંઈ એન્ટરપ્રાઈઝ ના ખાતામાં રૂ.૩૨ લાખ ટ્રાન્સફર થયા હતા. આ ત્રણેય આરોપીઓ સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે.

બીજા કિસ્સામાં ગોંડલ સિટી બી. ડિવિઝન પોલીસને 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' અંતર્ગત પોલીસે ઈન્ડિયન ઓવરસીઝ બેંકના એક એકાઉન્ટની વિગતો મેળવતા જાણવા મળ્યું કે, ગોંડલના ગુંદાળા ચોકડી પાસે, પ્રાઈમ કોમ્પ્લેક્સના પહેલા માળે શોપ નં. ૦૮ માં આવેલી 'કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ' નામની પેઢીનું એક જોઈન્ટ બેંક એકાઉન્ટ કાર્યરત હતું. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર આ ખાતાની વિગતો ચકાસતા માલૂમ પડ્યું કે દેશના ૧૩ રાજ્યોમાંથી આ એકાઉન્ટ વિરુદ્ધ કુલ ૨૦ સાયબર ફ્રોડની ઓનલાઈન ફરિયાદો નોંધાયેલી છે. આ ખાતામાં કુલ રૂપિયા આશરે રૂ.૫૦ લાખ સાયબર ફ્રોડના જમા થયા હતા. ભોગ બનનાર રાજ્યોમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, વેસ્ટ બંગાળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, બિહાર, હરિયાણા, કર્ણાટક, આસામ અને મધ્ય પ્રદેશનો સમાવેશ થાય છે.આ પેઢીના ત્રણ ભાગીદારો રીબડીયા રૂત્વીક , હિતેશ અને જીગ્નેશે મળીને આર્થિક લાભ મેળવવા સારું સાયબર ફ્રોડની રકમ પોતાના ખાતામાં જમા કરાવી મૂળ આરોપીઓ સુધી નાણાં સગેવગે કરવામાં મદદ કરી હતી. પોલીસે ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની ગતિવિધિઓ તેજ કરી છે.રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ હાથ ધરેલ તપાસમાં મ્યુલ એકાઉન્ટ્સ દ્વારા ચાલતા મોટા સાયબર રેકેટનો પર્દાફાશ થયો છે અને આગામી દિવસોમાં આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય મોટા સાયબર માફિયાઓ સુધી પોલીસ પહોંચે તેવી પૂરી શક્યતા છે.

# ગોંડલ પત્નીના પ્રેમીએ કરેલા હુમલામાં ઘવાયેલ પતિનું સારવામાં મોત: બનાવ હત્યામાં પલટાયો

## પ્રેમ સંબંધમાં આડ ખીલી બનતા પ્રેમિકાના પતિનો કાંટો કાઢવા અવાવરૂ જગ્યાએ લઈ જઇ પથ્થરના ઘા ઝીંક્યા હતા

રાજકોટ
ગોંડલના દેવપરામાં રહેતા અને કરિયાણાની દુકાન ધરાવતા જુનેદ ઈબ્રાહીમ કબીર (ઉંમર વર્ષ ૩૩)ની હત્યા કરવા તેની જ પત્ની નામીયાબાનું અને પત્નીના પ્રેમી આસિફ ડેલાએ કાવત્રુ રચી ડૈયા પાસે અવાવં જગ્યાએ લઈ જઈ પથ્થરના ઘા ઝીંકી દેવાયા હતા. બુધવારે વહેલી સવારે જુનેદ બેભાન મળ્યો હતો. તેને સારવારમાં ખસેડાયો હતો. જ્યાં ગઈકાલે ગુરુવારે મોડી રાત્રે જુનેદનું ચાલુ સારવારમાં મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો.

બનાવ અંગે ગોંડલના દેવપરામાં પરમાર ફળીમાં ખાંટકા શેરીમાં રહેતા ૩૨ વર્ષીય વેપારી યાસિનભાઈ ઈબ્રાહીમભાઈ કબીરે જણાવ્યું હતું કે, તેમના મોટા ભાઈ જુનેદએ બીજા લગ્ન નામિયાબાનું વરીયા (રહે, પ્રભાસ પાટણ, ગીર સોમનાથ) સાથે કરેલ. તેમને સંતાનમાં એક દીકરી હાનીયા (ઉ.વ.૪) છે. જુનેદ મોવિયા રોડ ઉપર એચ.એમ.બી. પ્રોવિઝન સ્ટોર નામની દુકાન છેલ્લા સાત મહિનાથી ચલાવે છે.

બુધવારે વહેલી સવારે સાડા ચાર વાગ્યે તેમના ભાભી નામિયાબાનુનો ફોન આવેલ કે, તમારા ભાઈ જુનેદ રાત્રીમાં થોડીવારમાં આવું છું તેમ કહીં જતા રહેલ હતા અને હજુ સુધી ઘરે આવેલ નથી. જેથી મેં પૂછેલું કે, બંનેને કોઇ માથાકુટ થઈ હતી? ભાભીએ ના પાડી હતી. બાદ જુનેદને ફોન કરતા તે રિસીવ કરતો નહોતો. મેં મારા માસીના દિકરા નવાઝને ફોન કરી જુનેદ વિશે પૂછતાં તેને પણ કંઈ ખબર નહીં હોવાનું કહ્યું હતું, પરંતુ તેણે એવુ કહ્યું હતું કે, ગઈ રાત્રીએ જુનેદનો સાળો સેફઅલી મારૂ બાઈક લેવા માટે આવેલ હતો. સેફઅલીનો મારી પાસે નંબર નહીં હોવાથી મારે વાત થઈ નહતી.

સવારના સાડા છ વાગ્યે માસીના દીકરા નવાઝનો ફોન આવેલ કે, તું તાત્કાલિક ગોંડલ સિવિલ હોસ્પિટલ આવ. મેં ત્યાં જઈ જોયું તો ભાભી નામિયાબાનુ સહિતના હાજર હતા અને જુનેદની સારવાર ચાલુ હતી. માથામાંથી લોહી નીકળતું હતું. ભાભીને બનાવ મામલે પૂછતાં તેમને બનાવ અંગે કંઈ ખબર નથી તેમ કહ્યું હતું.

જુનેદને રાજકોટ સિવિલ ખાતે ખસેડેલ. બાદ ભાભીને ફરીવાર પુછતા તેમણે કહેલ કે, જુનેદ રાત્રીના ૧૧ વાગ્યે ઘરે જમીને દુકાને ગયેલ હતા. મોડી રાત્રીના દોઢેક વાગ્યા સુધી ઘરે ન આવતાં ફોન કરતાં મારે થોડુક કામ હોય તે કામ પતાવી થોડીવારમાં ઘરે આવું છું તેમ વાત કરેલ હતી.

બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસના પીઆઈ યુ.આર.ડામોરે તપાસ કરતા જુનેદને બોથડ પદાર્થથી માથામાં માર માર્યો હોવાની શંકાએ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અંગે અજાણ્યા આરોપી સામે હત્યાનો પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તના પારિવારિક માહોલ અંગે માહિતી પોલીસને જણાવા મળેલ કે, જુનેદની પત્ની નામીયાબાનુને પાડોશમાં રહેતા આસિફ સતાર ડેલા સાથે પ્રેમ સબંધ હતો.પોલીસે આસિફને પોલીસ મથકે બોલાવી આગવી ઢબે પુછપરછ કરતા ચોંકાવનારી વિગતો મળી હતી. નામીયાબાનુએ આસિફને વાત કરેલી કે, જુનેદ ખુબ જ ત્રાસ આપી માર મારે છે. હું જુનેદથી કંટાળી ગયેલ છું. જેથી આસિફ અને નામીયાબાનુએ લગ્ન કરી લેવાનું નક્કી કર્યું હતું. સાથે જુનેદનો રસ્તો કરવા કાવત્રુ રચેલ હતું. પ્લાન મુજબ, આસિફે જુનેદને દારૂનો ધંધો કરી પૈસા કમાવવાની લાલચ આપી હતી. દારૂનો માલ ઉતરે છે તેમ કહીં ડૈયા ગામની સીમમાં ઈદગાહ વાળા રસ્તે નદીકાંઠે રાત્રીના સમયે લઈ ગયેલ. જ્યાં માથામાં પથ્થર-બેલા વડે ઘા મારી દીધા હતા. આ તરફ સિવિલ હોસ્પિટલમાં દાખલ જુનેદે ગુરુવારે મોડી રાત્રે ૧૧ વાગ્યાં આસપાસ સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો. યુવકના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

પોલીસે આરોપી આસિફ સતાર ડેલા (ઉ.વ.૩૧, રહે. મુળ ગામ વેકરી ગોંડલ, હાલ રહે.ગોંડલ મોવિયા રોડ એવન સિમેન્ટ પ્રોક્ટના કારખાના પાસે) અને નામીયાબાનું જુનેદ કબીર (ઉ.વ.૨૩) ની ધરપકડ કરી હતી. ગોંડલ તાલુકા પોલીસે આ ગુનામાં હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ હાથ ધરી હતી.

# પોલીસ સમાચાર

## રાજકોટ સજા વોરંટ બાદ નાસતો ફરતો પોપટપરાનો શખ્સ ઝડપાયો



રાજકોટ.
રાજકોટ સજાના વોરંટ બાદ ફરાર થયેલ પોપટપરાના તુષાર ડાભીને ભક્તિનગર પોલીસની ટીમે ક્રિષ્ના ચોક પાસેથી પકડી પાડી કાર્યવાહી કરી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી હેતલ પટેલ દ્વારા૧ વિવિધ ગુનામાં સજાના વોરંટ બાદ નાસતા ફરતા શખ્સોને પકડી કાર્યવાહી કરવા સૂચના આપી હોય જે અંતર્ગત ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.ડી.પરમારની રાહબરીમાં પીએસઆઇ એસ.એચ. ગોહિલ અને ટીમ પેટ્રોલિંગમાં હોય દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, સજાના વોરંટ બાદ નાસતો ફરતો શખસ ક્રિષ્ના ચોક પાસે ઊભો છે.પોલીસે બાતમીના આધારે સ્થળ પરથી શખસ તુષાર જીતુ ડાભી (રહે પોપટપરા શેરી નંબર ૧૧, વેરાઈ ફર્નિચર સામે રેલનગર)ને દબોચી લઈ કાર્યવાહી કરી હતી.

## અમરેલીમાં રંગપુર રોડ નજીક બાઈક સ્લીપ થતા યુવકનું મોત

અમરેલી:
અમરેલી શહેરના જેશીંગપરા વિસ્તારમાં રંગપુર રોડ પર આવેલા કોઝવે પાસે બાઈક સ્લીપ થઈ જતાં એક યુવકનું કરુણ મોત નીપજ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે.અમરેલી જેસિંગપરા વિસ્તારમાં રહેતા ભાવિનભાઈ અરવિંદભાઈ આકોલીયા (ઉ.વ.૩૫) ના ભાઈ ચિરાગભાઈ અરવિંદભાઈ આકોલીયા GJ-14-BF-3247 નંબરનું બાઈક લઈ ગઈ કાલે રાત્રે આશરે ૯:૩૦ વાગ્યે પોતાની વાડીમાંથી પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા. તે દરમિયાન રંગપુર રોડ પર નીલકંઠ ફાર્મ નજીક આવેલા કોઝવે પાસે બાઈક બેફિકરાઈ અને ગફલતભરી રીતે ચલાવવાના કારણે સંતુલન ગુમાવતા બાઈક સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં ચિરાગભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે અમરેલી શહેર પોલીસે અકસ્માતમાં મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## લગ્નની લાલચે વાડળિયા ગામેથી પરપ્રાંતીય સગીરાનું અપહરણ

અમરેલી:
બાબરા ટાઉન પોલીસ મથક વિસ્તારમાં સગીર વયની યુવતીને લગ્નની લાલચ આપી અપહરણ કરાયાની ફરિયાદ નોંધાતા પોલીસ ચોપડે ગુન્હો નોંધાયો છે.ગત તા. ૮ જૂન,ના રોજ બપોરના ૧૨ વાગ્યા આસપાસના સમયગાળા દરમિયાન ફરિયાદી ૪૦ વર્ષીય સગીરાની માતા મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રહેવાસી અને હાલ જિલ્લામાં વાડી-ખેતરે મજૂરી કામ કરે છે, તેમની આશરે ૧૭ વર્ષની સગીર વયની પુત્રીને બિહારનો રહેવાસી એસાન સહજાદ આલમ નામનો શખ્સ લગ્ન કરવાની લાલચ આપી યુવતી સગીર વયની હોવાની જાણ હોવા છતાં તેને લલચાવી-ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હોવાનું નોંધાયું છે.

આ અંગે બાબરા પોલીસે એસાન સહજાદ આલમ નામના શખ્સ વિરુદ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## જામકંડોરણાના ચિત્રાવડ પાસે બાઈક સ્લીપ થતા બાળકનું મોત: માતાને ઈજા

રાજકોટ,
રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકામાં આવતા ચિત્રાવડ ગામે બાઈક સ્લીપ થતા ૩ વર્ષના બાળકનું મોત નીપજ્યું હતું જ્યારે માતાને ઈજા થઈ હતી.

મળતી માહિતી અનુસાર, ચિત્રાવડમાં રહેતા સંજયભાઈ પ્રવિણભાઈ રાજગોર (વાણીયા) ગત તા.૧૪ જૂનના રોજ પોતાના પત્ની રેખાબેન (ઉંમર વર્ષ ૨૨) અને પુત્ર સંદીપ (ઉંમર વર્ષ ૩)ને બાઈકમાં બેસાડી ભાઈની વાડીએ આંટો મારવા ગયા હતા.પરત ઘરે જતા હતા ત્યારે અચાનક બાઈક સ્લીપ થઈ ગયું હતું. જેમાં સંદીપ અને રેખાબેનને માથે- શરીરે ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત માતા-પુત્રને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

### નામ બદલાવેલ છે

હું **સાગર વલ્લભભાઇ દેસાણી**, રહે. ખારચીયા જામ, તા. જસદણ, જી. રાજકોટ આથી હું જાહેર કરૂ છું કે મે મારૂ નામ **સાગર દેસાણી** માંથી **સાગર વલ્લભભાઇ દેસાણી** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

# ગોંડલના જામવાડીમાં મસાલા ફેક્ટરીમાંથી રૂા.૧.૧૧ કરોડના મસાલા - કોર્ન પાવડર સિઝ કરાયા

## લાયસન્સ કે રજીસ્ટ્રેશન વિના ધમધમતી સત્યમ ફેક્ટરી સામે જિલ્લા ફુડ એન્ડ ડ્રગ વિભાગની કાર્યવાહી



રાજકોટ.
રાજકોટ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગે સપાટો બોલાવી દિધો છે અને કોઈ લાયસન્સ કે રજીસ્ટ્રેશન વિના ગોંડલનાં જામવાડી ખાતે ધમધમતી મસાલાની એક ફેકટરીમાં રેઈડ કરી અને જુદા જુદા મસાલાનો કુલ રૂા.૧.૧૧ કરોડનો જથ્થો સિઝ કરી દીધો હતો.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજકોટ દ્વારા ગત તા.૧૭/૬ના રોજ બાતમીને આધારે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ અન્વયેના લાયસન્સ રજીસ્ટ્રેશન વગર ચાલતી મે. સત્યમ મસાલા ખાડીયા વિસ્તાર, મુ. જામવાડી, તા.ગોંડલ જી. રાજકોટ ખાતે ડેઝીગ્નેટેડ ઓફીસર બી.બી. વાવૈયાના માર્ગદર્શન હેઠળ તથા સીનીયર ફુડ સેફટી ઓફીસર એસ.પી. સોલંકી તથા ફુડ સેફટી ઓફીસર એસ.જે. કટરિયા દ્વારા તપાસ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. જેમાં કોર્ન પાવડર (લુઝ)નો નમુનો લઈ શંકાસ્પદ અંદાજીત ૫૦૦૦ કિ.ગ્રા. જથ્થો સિઝ કર્યો હતો. જયારે ૭૦૦ કિલો ધાણા પાવડર અને ચીલી પાવડર લુઝનો નમુનો લઈ શંકાસ્પદ અંદાજીત ૨૮,૧૦૦ કિ.ગ્રા. જથ્થો તથા હળદર પાવડર લુઝનો નમુનો લઈ શંકાસ્પદ અંદાજીત ૫૩૩ કિ.ગ્રા. જથ્થો સીઝ કરાયો હતો. આમ લાયસન્સ રજીસ્ટ્રેશન વગર ચાલતી મે. સત્યમ મસાલા, ખાડીયા વિસ્તાર, મુ.જામવાડી તા.ગોંડલ જી. રાજકોટ ખાતેથી ખાદ્ય સુરક્ષાની ટીમે કુલ ચાર ખાદ્યપદાર્થના નમુના લીધેલ છે. જેનો અંદાજીત ૩૩૬૮૯ કિલો મસાલા અને ૧૭૦૦ કિલો કોર્ન પાવડર જે તમામની કુલ અંદાજીત કિંમત ૧.૧૧ કરોડ થાય છે. જે સિઝ કરાયો છે.

# રાજકોટમાં આર્થિક ભીંસથી કંટાળી ફર્નિચરના ધંધાર્થીનો એસિડ પી આપઘાત

## આર્થિક મંદીના કારણે અનેક લોકોએ આત્મઘાતી પગલા ભર્યા હોવાની અનેક ઘટના પ્રકાશમાં આવી



રાજકોટ,
રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલી સીતારામ સોસાયટીમાં રહેતા ફર્નિચરના ધંધાર્થીએ ધંધો નહીં ચાલતા આર્થીકભીંસથી કંટાળી એસિડ પી આપઘાત કરી લેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં આવેલી સીતારામ સોસાયટીમાં રહેતા લલીતભાઈ હરિભાઈ પીપળીયા નામના ૫૫ વર્ષના આધેડ ગત તા.૧૧ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે એસિડ પી લીધુ હતું. આધેડને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન લલિતભાઈ પીપળીયાએ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં મૃતક લલિતભાઈ પીપળીયા ત્રણ ભાઈ એક બહેનમાં વચેટ હતા અને લલીતભાઈ પીપળીયાને સંતાનમાં એક પુત્ર હતો જેણે દસ વર્ષ પહેલાં ગળેફાંસો ખાય આત્મઘાતી પગલું ભરી લીધું હતું. લલીતભાઈ પીપળીયાએ પીપળીયા ફર્નિચરનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા પરંતુ હાલ ધંધો ચાલતો ન હોવાથી આર્થિકભીંસથી કંટાળી એસિડ પી જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

# અમરેલી ચક્કરગઢ રોડ પર વૃદ્ધ ઉપર છરી વડે હુમલો કરનાર ૩માંથી ૨ શખ્સ ઝડપાયા



અમરેલી:
અમરેલીના ચક્કરગઢ રોડ પર સંકુલ ચોકડી નજીક રામદેવપીરના મંદિર આગળ ૧૫ દિવસ પહેલા વૃદ્ધ પર છરી અને લાકડી વડે હુમલો કરવાના ગુનામાં ફરાર ત્રણેય શખ્સોને અમરેલી એલસીબીની ટીમે ઝડપી પાડી શહેર પોલીસને સોંપ્યા હતા. ત્યારબાદ પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ ઘટનાનું રિ-કન્સ્ટ્રકશન કરાવ્યું હતું.લીલીયા રોડ પર આવેલી સીમંધર સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષીય મનસુખભાઈ ડોબરિયા ૫ જૂનના રોજ સવારે આશરે ૧૦ વાગ્યે સંકુલ ચોકડી પાસે હતા ત્યારે તમે શું મારી વાતો કરો છો? કહી કેતન ગજેરા, અજય ગજેરા અને એક અન્ય શખ્સે તેમની સાથે બોલાચાલી કરી હતી. બાદમાં ત્રણેયે મનસુખભાઈ તેમજ તેમના ભત્રીજા પર છરી અને લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

બનાવ અંગે શહેર પોલીસમાં ફરિયાદ નોંધાતા ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા. દરમિયાન અમરેલી એલસીબીની ટીમે કેતન ગજેરા, અજય ગજેરા નામના બે શખ્સને અમરેલીમાંથી ઝડપી પાડી શહેર પોલીસને સોંપ્યા હતા. જ્યારે અન્ય એક અજાણ્યા શખ્સની શોધખોળ ચાલી રહી છે.

# બેફામ રેતી ચોરી: લીલીયા પંથકમાંથી બે ડમ્પર સાથે રૂપિયા ૯.૨૧ લાખનો મુદ્દામાલ ઝડપાયો



અમરેલી:
લીલીયા પંથકમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં પાછલા કેટલા સમયથી જવાબદાર વહીવટી તંત્રની મીઠી નજર તળે ખુલ્લેઆમ રેતી ચોરી ચાલી રહી છે. ખાણ ખનીજ વિભાગ કોઈ કાર્યવાહી કરતું નથી ત્યારે મામલતદારે અહીં રહેતી ભરેલા બે ડમ્પર ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

અહી ચાલતી રેતી ચોરી અંગે સ્થાનિક આગેવાનોએ અનેકવાર રજૂઆત કરી રેતી ચોરી બંધ કરાવવા માંગણી કરેલ હોવા છતાં કશું જ પરિણામ મળેલ નથી. તેવા સમયે જવાબદાર ખાણ ખનીજ વિભાગ અને પોલીસ તંત્ર ઊંઘતું રહ્યું અને સ્થાનિક મામલતદાર એચ.બી.વાડાએ વહેલી સવારે પૂજાપાદર નજીક મામાદેવ મંદિર ચોકડી નજીકથી ડમ્પર નંબર GJ 13 AT 1857 તેમજ ડમ્પર નંબર GJ 06 XX 6516 સહિત ૩૦ ટન રેતીનો જથ્થો પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી છે. જવાબદાર ખાણ ખનીજ વિભાગની મીઠી નજર તળે શેત્રુંજી નદીમાં રેતી ચોરી ચાલી રહી છે અને બેફામ દોડતા ડમ્પરો અવારનવાર અકસ્માત પણ સર્જી રહ્યા છે.

# અમરેલીમાંથી આધાર પુરાવા વગરના અનાજનો જથ્થો ઝડપાયો



અમરેલી:
અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામા બીલ આધાર પુરાવા વગરની ચીજ વસ્તુ રાખતા ઈસમોને પકડી પાડવા સારૂ સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશન સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમીયાન અમરેલી શહેરના લીલાનગર વિસ્તારમાંથી બે રીક્ષામાં રાખેલ ઘઉં ચોખા અનાજ વિગેરે બીલ કે અન્ય આધાર પુરાવા વગરના લઇને નિકળેલ અમરેલી લીલાનગરમાં૪ રહેતા મનોજભાઇ ધીરૂભાઈ સોલંકી તથા નિતીનભાઇ હકાભાઇ સોલંકી નામના બે ઈસમોને રીક્ષા નં.જી.જે.૧૪ વાય ૨૭૬૨ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા રિક્ષા નં.જી.જે.૧૪ વાય ૩૩૨૨ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦, ઘઉં ૩૫૦ કિ.ગ્રા. કિમત રૂપિયા ૫૨૫૦, ચોખા ૧૩૫૦ કિ.ગ્રા. કિમત રૂપિયા ૨૭,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૩૨,૨૫૦ સાથે પકડી પાડી બી.એન.એસ.એસ. ક.૩૫(૧)(ઇ) તથા ૧૦૬ મુજબ ધોરણસર કાર્યવાહી અમરેલી સીટી સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.

# રાજકોટના કુવાડવા જીઆઇડીસીમાંથી દારૂના કટિંગ સમયે જ એસ.એમ.સી.નો દરોડો

## ૫૦૦ પેટી કિમત રૂપિયા ૭૫ લાખનો દારૂ જથ્થો જપ્ત : પાંચ નાસી ગયા



રાજકોટ,
રાજકોટ ભાગોળે અમદાવાદ હાઈવે ઉપર આવેલ કુવાડવા જીઆઈડીસીમાંથી અંદાજે રૂા.૭૫ લાખની કિંમતનો ૫૦૦ પેટી વિદેશી બનાવટનો દારૂ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. આ દારૂ મંગાવનાર રાજકોટના નામચીન બુટલેગર સહિત પાંચ શખ્સો નાસી છુટવામાં સફળ રહ્યાનું જાણવા મળેલ છે.

મળતી માહિતી મુજબ, કુવાડવા જીઆઈડીસીમાં આજે દારૂનું ક્ન્ટેનર ઉતરી રહ્યાના બાતમીના આધારે એસ.એમ.સી.ની ટીમ ત્રાટકી હતી અને કટીંગ થઈ રહેલો ૫૦૦ પેટી દારૂ ઝડપી લીધો હતો. પોલીસના દરોડાથી હાજર શખ્સો નાસી છુટયા હતાં. આ લખાઈ છે ત્યારે બપોરે ૩.૩૦ કલાકે એસ.એમ.સી. દ્વારા દારૂની ગણતરી ચાલી રહી છે અને કુવાડવા પોલીસને સોંપવાની તૈયારી થઈ રહી છે.પોલીસના કહેવા મુજબ ક્ન્ટેનરમાં ચોર ખાનુ બનાવીને દારૂ છુપાવવામાં આવ્યો હતો અને બોર્ડર ક્રોસ કરી ઠેક રાજકોટ સુધી પહોંચાડી દેવામાં બુટલેગરો સફળ થયા હતાં. આજે બપોરે દારૂનું કટીંગ ચાલી રહ્યું હતુ તે સમયે જ રેડ કરવામાં આવતાં નાસીભાગ મચી ગઈ હતી. જો કે વધુ એક વખત સ્થાનિક પોલીસને અંધારામાં રાખી એસ.એમ.સી.એ દારૂનો આટલો મોટો જથ્થો ઝડપી લેતાં સ્થાનિક પોલીસ સામે સવાલો ઉઠયા છે. આગામી દિવસોમાં જવાબદાર પોલીસ અધિકારીઓ પર તવાઈ ઉતરે તેવી શકયતા દર્શાવવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ

સ્વિટ્ઝર્લેન્ડને બદલે ફ્રાન્સમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વચગાળાના શાંતિ કરાર પર અકાળે હસ્તાક્ષર થવાથી તેના અમલીકરણનો માર્ગ મોકળો થયો છે. પરંતુ ભવિષ્ય જ કહેશે કે આ કરાર ખરેખર પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિનો માર્ગ મોકળો કરશે કે નહીં. આ પ્રશ્ન એટલા માટે ઉભો થાય છે કારણ કે ઈઝરાયલ આ કરારથી નાખુશ છે. ઈરાન ઈઝરાયલ સાથેના કરાર અનુસાર વર્તન કરશે કે નહીં તે કહેવું પણ મુશ્કેલ છે.

જો ઈરાન હિઝબુલ્લાહ અને હુથી જેવા સંગઠનોને ઈઝરાયલ પર નિશાન બનાવવા માટે ઉશ્કેરે છે, તો આ કરાર તૂટી પડશે. તે અમેરિકાની નબળાઈનો પુરાવો છે કે તે ઈરાન પર હિઝબુલ્લાહ અને હુથી જેવા સંગઠનોને ટેકો આપવાનું બંધ કરવા દબાણ કરવામાં નિષ્ફળ ગયું છે, જે ઈઝરાયલ માટે ખતરો છે. બંને સંગઠનો વાસ્તવમાં ઈરાનની પ્રોક્સી સેના છે.

વચગાળાના કરાર પર હસ્તાક્ષર કર્યા પછી, અમેરિકા અને ઈરાન માટે વિજયનો દાવો કરવો સ્વાભાવિક છે, કારણ કે બંને પક્ષોએ તેમના જનતાને સંતોષ આપવો પડશે. જોકે, હાલ માટે, ઈરાન વધુ લાભ મેળવી રહ્યું હોય તેવું લાગે છે. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે જે ઉદ્દેશ્યો માટે ઈરાન પર હુમલો કર્યો હતો તે પ્રાપ્ત થયા હોય તેવું લાગે છે. ઈરાનમાં ન તો શાસન પરિવર્તન પ્રાપ્ત થયું કે ન તો તેની ઘાતક મિસાઈલ ક્ષમતાનો નાશ થયો. તેના બદલે, ગલ્ફ દેશોમાં યુએસ બેઝ પર હુમલો કરીને, ઈરાને આ દેશોમાં પોતાની સુરક્ષા માટે ભય પેદા કર્યો.


આ હુમલાઓ દ્વારા, ઈરાને સંદેશ આપ્યો કે ગલ્ફ દેશો યુએસ લશ્કરી છત્રછાયા હેઠળ સુરક્ષિત નથી. જો અમેરિકા અને ઇઝરાયલ માટે કોઈ સંતોષકારક બાબત છે, તો તે એ છે કે ઇરાને પરમાણુ શસ્ત્રો ન વિકસાવવાનું વચન આપ્યું છે, પરંતુ તે આ ઇરાદાને કાયમ માટે છોડી દેશે કે નહીં તે શંકાસ્પદ છે. ૧૪-મુદ્દાના વચગાળાના કરારમાં એવી પણ શરત હતી કે ઇરાન ૬૦ દિવસ માટે હોર્મુઝ સ્ટ્રેટ ખોલશે, પરંતુ પ્રશ્ન એ રહે છે: તે પછી શું થશે? જો ઇરાન ૬૦ દિવસ પછી આ માર્ગે પસાર થતા જહાજો પર કર વસૂલવાનું શરૂ કરે છે, તો તે ફક્ત અમેરિકાને બદનામ કરશે.

અમેરિકા, ઇઝરાયલ અને ઇરાન વચ્ચેના યુદ્ધ પહેલા, આ દરિયાઈ માર્ગ બધા માટે ખુલ્લો હતો, પરંતુ હવે ઇરાન તેના પર પ્રભુત્વ મેળવવા માંગે છે. જો તે સફળ થાય છે, તો તે ફક્ત અમેરિકા અને ગલ્ફ દેશો માટે ફટકો જ નહીં, પરંતુ તે વૈશ્વિક અર્થતંત્રને પણ નુકસાન પહોંચાડશે, કારણ કે તેલ અને ગેસના ભાવ વધી શકે છે. ઇરાનને તેનું તેલ વેચવાની સ્વતંત્રતાનો પણ ફાયદો થતો દેખાય છે. સ્પષ્ટપણે, અમેરિકા માટે વિશ્વને સમજાવવું મુશ્કેલ બનશે કે તેણે ઇરાન પર હુમલો કરીને શું પ્રાપ્ત કર્યું.

# "હું આખી રાત ઊંઘી શક્યો નહીં," અમિતાભ બચ્ચને પોતાનું દુઃખ વ્યક્ત કર્યું,

અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને દરરોજ તેમના ચાહકો સાથે અપડેટ્સ શેર કરે છે. અમિતાભ તેમના ચાહકો સાથે જીવનના અપડેટ્સ પણ શેર કરે છે. તેમનો બ્લોગ પણ ખૂબ જ લોકપ્રિય છે, જ્યાં તેઓ તેમની રસપ્રદ શૈલીમાં દૈનિક ઘટનાઓનું વર્ણન કરે છે. તાજેતરમાં, તેમણે એક પોસ્ટ શેર કરી જે દરેક માટે પ્રેરણાદાયક બની શકે છે. અમિતાભ વર્ષોથી ઇન્ડસ્ટ્રી પર રાજ કરી રહ્યા છે, પરંતુ આજે પણ, તેઓ તેમના શરૂઆતના દિવસોમાં જેટલા જ સખત મહેનત કરતા હતા અને હંમેશા સારા કામની શોધમાં રહે છે. ચાલો તમને જણાવીએ કે તેમણે તેમની તાજેતરની પોસ્ટમાં શું કહ્યું હતું.

સાવરકુંડલા શહેર ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા દાતાઓ, સમાજના આગેવાનો, અગ્રણીઓ અને સૃષ્ટિઓના સન્માન સમારોહ તથા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી લોકસભાના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર દાતાઓ અને આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. નારણભાઈ કાછડીયાએ ઉપસ્થિત સમાજજનોને સંબોધતા જણાવ્યું હતું કે સમાજના વિકાસમાં દાતાઓ અને સેવાભાવી આગેવાનોનું યોગદાન મહત્વપૂર્ણ છે. તેમણે સમાજની એકતા, શિક્ષણ, સંસ્કાર અને સેવાભાવનાના મૂલ્યોને આગળ વધારવા માટે સૌએ સાથે મળીને કાર્ય કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ, યુવાનો, વડીલો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. સન્માન સમારોહ બાદ સૌએ ભોજન સમારંભમાં સહભાગી થઈ સમાજની એકતા અને સૌહાર્દનો સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# રાજુલા આઈ.ટી.આઈ.ના ભરતી મેળામાં ૧૮૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

## ૪૮ તાલીમાર્થીઓને રૂ. ૧૫,૦૦૦ થી ૨૨,૦૦૦ સુધીના માસિક પગાર સાથે રોજગારની તક પ્રાપ્ત થઈ

અમરેલી:
અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) રાજુલાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભરતી મેળામાં વિવિધ અગ્રણી ઉદ્યોગો અને કંપનીઓએ ભાગ લઈ યુવાનોને રોજગારની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવી હતી.

ભરતી મેળામાં Quess Crop (ટાટા મોટર્સ), સાણંદ, સ્વાન ડીફેન્ડ એન્ડ હેવી ઇન્ડસ્ટ્રીઝ પીપાવાવ, CIE Automotive પ્રા.લિ., શાપર-વેરાવળ, AIM Ltd.,




ભાવનગર તેમજ LIC, રાજુલા સહિત કુલ ૬ પ્રતિષ્ઠિત કંપનીઓ જોડાઈ હતી. મેળામાં કુલ ૨૪૩ ઉમેદવારોએ હાજરી આપી હતી, જેમાંથી ૧૮૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

ખાસ કરીને આઈ.ટી.આઈ. રાજુલામાં અભ્યાસ કરી રહેલા અને જુલાઈ-૨૦૨૬માં પાસઆઉટ થનારા ૪૮ તાલીમાર્થીઓને વિવિધ કંપનીઓમાં રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૨૨,૦૦૦ સુધીના માસિક પગાર સાથે રોજગારની તક પ્રાપ્ત થઈ છે, જે સંસ્થાની તાલીમની ગુણવત્તા અને વિદ્યાર્થીઓની કૌશલ્ય ક્ષમતાનું પ્રતિબિંબ છે.વર્તમાન સમયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે ત્યારે વધુમાં વધુ વિદ્યાર્થીઓએ રોજગારલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી કૌશલ્ય વિકાસ સાથે ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરવું જોઈએ. આ પ્રકારના ભરતી મેળાઓ યુવાનોને ઉદ્યોગજગત સાથે સીધા જોડવાની મહત્વપૂર્ણ કડી બની રહ્યા છે. તેમ આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજુલાએ એક યાદીમાં જણાવ્યું છે.

# રાજકોટ પૂર્વ ઝોનના સીટી ઇજનેરનો ચાર્જ મનપાના એક માત્ર કાયમી એન્જીનીયર પી.ડી.અઢીયાને સોંપાયો

રાજકોટ,
રાજકોટ મનપાની ઈસ્ટ ઝોન કચેરીના સીટી ઈજનેરનો વધારાનો ચાર્જ અંતે અનેક ચર્ચાઓ વચ્ચે મનપાના એક માત્ર કાયમી સીટી એન્જીનીયર પરેશ ડી.અઢીયાને સોંપવામાં આવ્યો છે.

પૂર્વ ઝોનમાંથી શ્રીવાસ્તવ નિવૃત્ત થાય બાદ આ જગ્યા ખાલી પડી હતી. ત્રણે ઝોનમાં લાંબા સમયથી ઈન્ચાર્જ સીટી ઈજનેર જ છે. થોડા દિવસો પહેલા આ ઝોનના ડે.ઈજનેર સીતાપરાને ચાર્જ સોંપવા હુકમ તૈયાર થયો હતો. પરંતુ આ હુકમ કેન્સલ કરાયો હતો. હવે કમિશનરે આ ઝોનનો ચાર્જ પી.ડી.અઢીયાને સોંપ્યો છે.

પૂરા મહાનગરમાં કાયમી સીટી ઈજનેર તરીકે એક માત્ર પી.ડી.અઢીયા છે. તેમની પાસે સ્માર્ટ સીટી, આરએસસીડીએલ, અર્બન પ્લાન સેલ, ટ્રાફિક, આવાસ યોજના, સીટી બસ, અમૃત સહિતની સરકારી યોજનાઓ, અર્બન ફોરેસ્ટ, આજી રીવરફ્રન્ટ સહિતના હવાલા રહેલા છે. હવે તેમને પૂરા ઈસ્ટ ઝોનનો છઠ્ઠો મોટો ચાર્જ સોંપાયો છે તે ઉલ્લેખનીય છે.

# રાજકોટ શહેરમાં એએસઆઈથી લઈ કોન્સ્ટેબલ સુધીના નકુલ ૨૪ પોલીસ કર્મચારીઓની બદલી

રાજકોટ,
રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા વહીવટી સરળતા અને માંગણીને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનો અને શાખાઓમાં ફરજ બજાવતા કુલ ૨૪ એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. તમામ બદલી થયેલા કર્મચારીઓને તાત્કાલિક નવી જગ્યાએ હાજર થઈ પોલીસ કમિશનર કચેરીને જાણ કરવા સૂચના અપાઈ છે.

જે બદલી પામેલામાં માલવીયનગર પોલીસમાં ફરજ બજાવતા એએસઆઈ રાજદીપસિંહ ગોહિલને પેરોલ ફર્લો સ્ક્વોડમાં, તાલુકા પોલીસ મથકના કોન્સ્ટેબલ નિકુંજભાઈ મારવીયાને ક્રાઈમ બ્રાન્ચ, રણજીતસિંહ જાડેજાને ક્રાઈમ બ્રાન્ચ, આજીડેમ પોલીસના ભાવેશભાઈ વાઘેલાને આર્થિક ગુન્હા નિવારણ સેલ, એ.ડિવિઝન પોલીસના હેડ કોન્સ્ટેબલ સાગર માવદિયાને ક્રાઈમ બ્રાન્ચ, ધર્મેશ ખાંટિયાને ક્રાઈમ બ્રાન્ચ, મહિલા પોલીસ મથકના કોન્સ્ટેબલ શાંત મુલીયાને એન્ટીહ્યુમન ટ્રાફીકીંગ યુનિટ, ટ્રાફિક શાખાના અમીતકુમાર ટૂંડિયાને ક્રાઈમ બ્રાન્ચ, હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા જીજ્ઞેશભાઇ અમરેલીયાને આર્થિક ગુન્હા નિવારણ સેલ, ટ્રાફિક શાખાના બાદલ દવે પોલીસ કમિશનરની રીડર શાખામાં, બી. ડિવિઝનના લાલજી કડગડાની ક્રાઈમ બ્રાન્ચમાં બદલી કરવામાં આવી છે.જ્યારે તાલુકા પોલીસના ધર્મેન્દ્રસિંહ જાડેજા એન્ટીહ્યુમન ટ્રાફીકીંગ યુનિટ, ભુપતભાઇ દેસાઇ આર્થિક ગુન્હા નિવારણ સેલ એરપોર્ટ પોલીસના યશપાલસિંહ ઝાલા એસઓજી, યુની. ના ભરતસિંહ પરમાર એસઓજીમાં મુકાયા છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા તાકીદની અસરથી છ પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં અલગ અલગ પોલીસ મથકમાં ફરજ બજાવતા સત્યજીતસિંહ જાડેજા, મૈસુરભાઈ, સહદેવસિંહ જાડેજાને એલસીબી ઝોન-૨ માં અને નીખીલભાઈ પીરોજીયા, નરેન્દ્રકુમાર ગઢવી અને વિરદેવસિંહ જાડેજાને એલસીબી ઝોન-૧ માં મુકાયા છે.

# રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં ૧૯૪ સામૂહિક શૌચાલયો અને ૧.૦૭ લાખથી વધુ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ

## સ્થાનિક તંત્ર અને ગ્રામજનોના સહિયારા પ્રયાસોથી સફળ બનતું 'સ્વચ્છ ભારત મિશન'

રાજકોટ,
વર્ષ ૨૦૧૪માં દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ દેશમાં સ્વચ્છતા પ્રત્યે જાણે ક્રાંતિનો પ્રારંભ થયો હતો. વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ સમગ્ર દેશમાં 'સ્વચ્છ ભારત મિશન' અમલમાં મૂકવામાં આવ્યું, જેનો આશય દેશને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત કરવા, સ્વચ્છતા જાળવવા તેમજ નાગરિકોના સ્વાસ્થ્ય અને ગરિમાની રક્ષા કરવાનો છે. આજે "સ્વચ્છતા અભિયાન" થકી આપણે સુંદર, સ્વચ્છ અને સ્વસ્થ ભારતના નિર્માણ તરફ આગળ વધી રહ્યા છીએ.રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનને વેગ આપવા માટે સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એ. કે. વસ્તાણીના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાના માપદંડોને સુદ્રઢ કરવા માટે સુચારુ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સ્થાનિક વહીવટી તંત્ર અને ગ્રામજનોના સહિયારા પ્રયાસોથી 'સ્વચ્છ ભારત મિશન' સફળ રહ્યું છે.'સ્વચ્છ ભારત મિશન'ના શ્રી મીનાક્ષીબેન કાચાએ જણાવ્યું હતું કે, જિલ્લાના છેવાડાના માનવી સુધી સ્વચ્છતાની સુવિધાઓ પહોંચાડવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૪ સામૂહિક શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત, ગ્રામીણ પરિવારોની સુવિધા માટે ૧,૦૭,૪૨૪ વ્યક્તિગત શૌચાલયો બનાવી આપવામાં આવ્યા છે. -

આલેખન : માર્ગી મહેતા

# રાજકોટ મહાનગરમાં બાંધકામ સાઇટો-હોસ્પીટલો-ભંગારના ડેલાઓ મચ્છરોના ઘર બન્યા: ૧૨૪૦ને નોટીસ

## મેલેરીયા વિરોધી માસ અંતર્ગત મનપાની સઘન ઝુંબેશ: ૫૨૩ બાંધકામ સાઇટ, ૩૪૧ હોસ્પીટલ, લેબોરેટરી કલીનીક સ્થળોએ તપાસ: રૂા. ૧૧,૮૫૦નો ચાર્જ વસુલ્યો

રાજકોટ,

મેલેરિયા વિરોધી માસ અંતર્ગત મનપાની સઘન ઝુંબેશ : અંતર્ગત ૧૮ વોર્ડમાં જાહેર પ્રદર્શન, ૩૧ સ્થળોએ જનજાગૃતિ રેલી અને રાત્રીસભાઓ યોજાઈ હતી. ૫૨૩ બાંધકામ સાઈટ, ૩૪૧ હોસ્પિટલ-લેબ અને ૨૧૩ ઉદ્યોગોની તપાસ કરતા ૧૨૩૯ સ્થળોમાં મચ્છરોના પોરા જોવા મળતા નોટીસ ફટકારી રૂા.૧૧ હજારનો દંડ વસુલવામાં આવ્યો હતો.

શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન મેલેરિયા, ડેન્યુ અને ચિકનગુનિયા જેવા મચ્છજન્ય રોગો પર અસરકારક નિયંત્રણ મેળવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જૂન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. મેલેરિયા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત શહેરભરમાં આરોગ્ય શિક્ષણ, જનજાગળતિ અને વાહક નિયંત્રણની સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

મનપા દ્વારા લોકોને મચ્છર ઉત્પત્તિ અટકાવવા તથા મેલેરિયા, ડેન્યુ અને ચિકનગુનિયા અંગે જાગળત કરવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર રેલીઓ અને રાત્રીસભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ચંદ્રેશ પાર્ક, જલગંગા ચોક, મહાકાળી ચોક, નાનામોવા સર્કલ, ગાંધીનગર, આકાશવાણી ચોક, ભવાનીનગર, માધાપર ગામ, જાગનાથ મંદિર સહિત કુલ ૧૮ વોર્ડમાં મચ્છર, મચ્છરના પોરા અને પોરાભક્ષક માછલીના જીવંત પ્રદર્શન યોજાયા હતા. બેનર, પોસ્ટર અને માહિતીપત્રિકાઓ મારફતે નાગરિકોને વાહકજન્ય રોગો સામે સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકાના શહેરી પ્રાથમિક આરોગ્યે કેન્દ્રો અને આયુષ્માન આરોગ્ય મંદિરો દ્વારા ૩૧ સ્થળોએ જનજાગતિ રેલીઓ યોજાઈ હતી. ઉપરાંત, રાત્રિના સમયે બહોળી સંખ્યામાં લોકો એકત્ર થતા હોય તેવા વિસ્તારોમાં રાત્રીસભાઓ યોજી મચ્છયજન્યૂ રોગો અંગે માહિતી આપવામાં આવી હતી. સઘન વાહક નિયંત્રણ ઝુંબેશ દરમિયાન શહેરની ૫૨૩ બાંધકામ સાઈટોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૭૫ સ્થળોએ મચ્છારની ઉત્પત્તિ થવાની સંભાવના અથવા મચ્છરના પોરા જોવા મળતા નોટિસ આપવામાં આવી હતી. આ ઉપરાંત ૩૪૧ હોસ્પિટલ, લેબોરેટરી અને ક્લિનિકોની તપાસ દરમિયાન ૬૯ સંસ્થાઓને નોટિસ ફટકારવામાં આવી હતી.

શહેરના ૧૨૩ ભંગારના ડેલા અને ટાયર વેપારીઓના સ્થળોની તપાસમાં ૯૨ સ્થળોએ ખામી જોવા મળતાં નોટિસ આપવામાં આવી હતી. ૧૨૩ સેલર ધરાવતા બિલ્ડિંગોમાંથી ૬૨ બિલ્ડિંગોને નોટિસ આપવામાં આવી હતી. તેમજ ૨૧૩ ઉદ્યોગોની તપાસ દરમિયાન ૧૪૪ ઉદ્યોગોને નોટિસ પાઠવવામાં આવી હતી. ઉપરાંત ૮૭ ધાર્મિક સ્થળોની પણ તપાસ હાથ ધરવામાં આવી હતી.

મચ્છંરની ઉત્પાત્તિ જોવા મળતાં વિવિધ બાંધકામ સાઈટો, બેંકો, હોસ્પિટલો, ઉદ્યોગો તથા વ્યાવસાયિક સંસ્થાઓ સામે કાર્યવાહી કરીને કુલ ૧,૨૩૯ પ્રિમાઈસીસને નોટિસ આપવામાં આવી હતી અને ઈ ૧૧,૮૫૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

મનપાએ સ્પષ્ટ કર્યું છે કે સમગ્ર જૂન માસ દરમિયાન શાળાઓ, કોલેજો, હોટેલો, મોલ, સરકારી કચેરીઓ તથા અન્ય જાહેર અને ખાનગી ક્ષ્મિમાઈસીસમાં વાહક નિયંત્રણની કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે.

મહાનગરપાલિકાએ નાગરિકોને અપીલ કરી છે કે પાણી ભરેલા તમામ પાત્રો ઢાંકીને રાખવા, કુંડા, પક્ષીકુંજ, એરકૂલર અને ફ્રિજની ટ્રે નિયમિત સાફ કરવા, ઘરની આસપાસનો ભંગાર દૂર કરવા તેમજ મચ્છરદાની અને રિપેલન્ટનો ઉપયોગ કરવા જેવી સાવચેતી રાખે. તાવ આવે તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં લોહીની તપાસ કરાવવી જોઈએ. મેલેરિયા, ડેન્યુ અને ચિકનગુનિયા ફેલાવતા મચ્છરો ચોખ્ખા અને સ્થિર પાણીમાં ઉત્પન્ન થતા હોવાથી દરેક નાગરિક પોતાની આસપાસ સ્વચ્છતા જાળવી મનપાની આ ઝુંબેશમાં સહભાગી બને તેવી અપીલ કરવામાં આવી છે

# રાજકોટ જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યોજનાઓની અમલવારીની સમીક્ષા કરતા કેન્દ્રીય રાજ્ય મંત્રી

## ગરીબ અને પછાત વર્ગના તમામ લાભાર્થીઓને મળવાપાત્ર યોજનાકીય લાભ મળે તે માર્ગદર્શક સૂચના આપ્યા



રાજકોટ,

સમાજના તમામ વર્ગોના ઉત્કર્ષ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સરકારે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. જેનો લાભ તમામ લાભાર્થીઓ સુધી પહોંચે અને સમરસ સમાજ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં નાગરિકોની સહભાગિતા વધે તે માટે યોજનાઓનું સુચારુ અમલીકરણ કરવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી રામદાસ આઠવલેએ સુચન કર્યું હતું. રાજકોટના સર્કિટ હાઉસ ખાતે આયોજિત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સમીક્ષા બેઠકમાં કેન્દ્રિય મંત્રીશ્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના અમલીકરણની સરાહના કરતા જણાવ્યું હતું કે, ગરીબો, વંચિતો, વૃદ્ધ અને વિધવા મહિલાઓને સામાજિક અને આર્થિક સહયોગ પ્રાપ્ત થાય અને તમામ લોકો સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાયેલા રહે, સમાન અધિકાર અને ન્યાય મળે તે માટેના સહિયારા પ્રયાસને વધુ સક્રિય બનાવવા મંત્રીશ્રીએ ભાર મુક્યો હતો. આ તકે તેઓએ રાજ્ય સરકાર દ્વારા પણ અનેક યોજનાઓ અમલી હોવાનું જાણી આનંદની લાગણી વ્યક્ત કરી હતી. બેઠકમાં કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશ અને નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના શ્રી આનંદબા ખાચરે કેન્દ્ર અને રાજ્ય સરકારની અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ, સમાજ કલ્યાણની વિવિધ યોજનાઓમાં છાત્રો માટે રહેણાંક, સ્કોલરશીપ, આંબેડકર આવાસ યોજના, કુંવરબાઇનું મામેરું, મરણોત્તર યોજના, ગ્રામ્યમાં ગેપ ફીલિંગ દૂર કરતી અભ્યુદમ યોજના, વયોશ્રી યોજના, દિવ્યાંગો માટે સાધન સહાય સહિતની યોજનાની અમલવારીની માહિતી પૂરી પાડી હતી. રાજકોટ મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાએ મહાનગરપાલિકામાં અનુસુચિત જાતિના સફાઈ કર્મચારીઓ માટે કરવામાં આવેલી વ્યવસ્થા તેમજ પછાત વર્ગના કર્મચારીઓની સહભાગિતા અંગે પણ મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતાં. આ બેઠકમાં પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર, નિવાસી અધિક કલેક્ટરશ્રી જયકુમાર બારોટ, વિકસતી જાતિ નાયબ નિયામક શ્રી ડી.એસ. પીપળીયા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સર્વે શ્રી સૈયદ, શ્રી રાઠોડ સહીત વિવિધ વિભાગના વરિષ્ઠ અધિકારીશ્રીઓ જોડાયા હતાં.

# અમરેલી જિલ્લામાં જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા, ખેડૂતોમાં ખુશીનો માહોલ





(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ગઈકાલે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જેને લઈ બગસરા, સાવરકુંડલા, લાઠી તથા અમરેલી આસપાસના વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં વરસતાં રોડ-રસ્તાઓ ભીના બન્યા હતા અને વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

અમરેલી જિલ્લામાં લાંબી રાહ બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. અમરેલી જિલ્લાના વિવિધ તાલુકામાં હળવા વરસાદી ઝાપટાં વરસતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. કાગડોળે વરસાદની રાહ જોતા શહેરીજનો અને ખેડૂતો માટે આ વરસાદી ઝાપટાં આશાનું કિરણ બની આવ્યા છે.

બગસરા પંથકમાં ગઈકાલે વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. પીઠડીયા ગામે હળવા વરસાદી ઝાપટાં વરસ્યા હતા. આ ઉપરાંત બાલપુર, હડાળા વાઘણીયા સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ નોંધાતા હતો. રોડ-રસ્તાઓ ભીંજાયા હતા. બગસરા તાલુકાના ત્રણથી ચાર ગામોમાં વરસાદી ઝાપટાં પડતાં ગરમી અને ઉકળાટમાંથી લોકોને આંશિક રાહત મળી હતી.

સાવરકુંડલા પંથકમાં પણ ગઇકાલે વરસાદના શ્રીગણેશ થયા હતા. ખડસલી, છાપરી અને લીખાળા ગામ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદી ઝાપટાં વરસ્યા હતા. લીખાળા ગામમાં આશરે દસ મિનિટ સુધી સારો વરસાદ વરસ્યો હતો. નાની વડાળ અને વીજપડી ગામોમાં પણ ઝરમર વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલથી ખેડૂતોમાં નવી આશા જાગી છે.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર નજીક આવેલા ભટવદર ગામમાં પણ હળવું વરસાદી ઝાપટું પડ્યું હતું. જયારે અમરેલી બાયપાસ રોડ વિસ્તારમાં પણ વરસાદી ઝાપટાં પડતાં માર્ગો ભીના બન્યા હતા.

જિલ્લાના અનેક વિસ્તારોમાં પડેલા આ પ્રારંભિક વરસાદી ઝાપટાંએ ચોમાસાની આગાહી વચ્ચે ખેડૂતો અને ગ્રામજનોમાં ખુશીની લાગણી ફેલાવી છે. આગામી દિવસોમાં સારો વરસાદ થાય તેવી આશા સાથે ખેડૂતો ખેતીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

# અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાશે 'ફ્રી સમર સ્કિલ વર્કશોપ-૨૦૨૬'

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી:

ધો. ૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા હોય તેવા અમરેલી જિલ્લાના ઉમેદવારોને રોજગારીલક્ષી માર્ગદર્શન મળી રહે અને તેમની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે જરૂરી કૌશલ્ય વિકાસના હેતુસર કૌશલ્ય વર્ધન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાનાર આ તાલીમથી ઉમેદવારો વાકેફ થાય તેમજ તેઓને કારકિર્દી ઘડતર માટે વિશેષ માર્ગદર્શન મળી રહેશે. આગામી તા. ૨૨ જૂન અને તા.૨૩ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી અમરેલી આઇ.ટી.આઇ. ખાતે "FREE SUMMER SKILL WORKSHOP ૨૦૨૬"નું આયોજન છે.જેમાં કમ્પ્યુટર, સીવણ, ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિવિલ, હેલ્થ, કેમિકલ, બ્યુટી પાર્લર જેવા વિવિધ ગ્રુપની ૦૨ દિવસની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને તે અંગેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આથી, ધો.૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને લાભ લેવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ (૯૪૨૪૦ ૧૭૬૨૬) પર પોતાનું નામ લખી વ્હોટ્સ અપ મેસેજ કરી તા.૨૧ જૂન, ૨૦૨૬ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવું.

આ અંગેની વધુ વિગતો પણ આ નંબર પર સંપર્ક કર્યેથી મેળવી શકાશે, તેમ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# રાજકોટ પોલીસ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

## ગાંજાના ૩૭ છોડ સહીત એક માસમાં રૂ. ૧૮.૬૮ લાખનો ગાંજો-મેફેડ્રોન ડ્રગ્સ પકડાયો:૧૦ આરોપી વિરુદ્ધ પોલીસ વિભાગની કામગીરી



રાજકોટ,

રાજકોટ પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝા ની અધ્યક્ષતામાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરશ્રીએ નશીલા ડ્રગ્સના દુષણથી યુવાનો દૂર રહે તે માટે ખાસ કરીને કોલેજ, યુનિવર્સિટીમાં ડ્રગ્સ અવેરનેસ કેમ્પેઈન કરવા સૂચના આપી હતી. વધુમાં નોડલ અધિકારીશ્રીઓએ વિશેષ સતર્કતા દાખવી આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ જણાય તો પોલીસ વિભાગને જાણ કરવા સૂચના આપી હતી. ક્રાઈમ વિભાગના ડી.સી.પી. શ્રી જગદીશ બંગરવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં એક માસમાં ગાંજાના ૩૭ છોડ સહીત રૂ. ૧૭ લાખનો ગાંજો તેમજ રૂ. ૧.૬૮ લાખથી વધુની કિંમતનો મેફેડ્રોન મળીને કુલ રૂ. ૧૮.૬૮ લાખની કિંમતના નશાકારક પદાર્થ ઝડપી ૬ કેસમાં ૧૦ આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવાનું માહિતી આપતા જણાવ્યું હતું. પોલીસ વિભાગ દ્વારા શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તમાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોટપા એક્ટ હેઠળ ૧૩૬ કેસમાં રૂ. ૨૭,૨૦૦ અને મહાનગરપાલિકા દ્વારા ૯૪ કેસમાં રૂ. ૨,૭૫૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું જયારે એન્ટી ડ્રગ્સ સી.આઈ.ડી. ક્રાઇમ દ્વારા રૂ. ૨ લાખથી વધુની કિંમતનો ૪ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હોવાનું શ્રી બંગરવાએ જણાવ્યું હતું. આ તકે મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વિભાગ દ્વારા સર્ચની કામગીરીની વિગત પુરી પાડવામાં આવી હતી. રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા નશાકારક ડ્રગ્સ અંગે કરવામાં આવેલા જાગૃતિ કાર્યક્રમની માહિતી પુરી પાડવામાં આવી હતી. એક્રોર્ડ બેઠકમાં ડી.સી.પી. ઝોન -૧ શ્રી હેતલ પટેલ, ઝોન – ૨ શ્રી રાકેશ દેસાઈ, એસ.ઓ.જીના પી.આઈ. શ્રી એન.બી.ચૌધરી સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ, કૃષિ અને વન વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, કસ્ટમ, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક વિભાગ સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીશ્રીઓ જોડાયા હતાં.


# અમરેલી આઈ.ટી.આઈ ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ: તાલીમાર્થીઓને વિવિધ સુવિધાઓનો લાભ મળશે

અમરેલી:

ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી ખાતે નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિવિધ ૨૪ ટ્રેડના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા હાલ શરૂ છે.

પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઈલેક્ટ્રીશીયન, વાયરમેન, કેમિકલ, ઈન્ફોર્મેશન ટેક, ડ્રાફ્ટમેન, સિવિલ રેફ્રિજરેશન, કોમ્પ્યુટર, વેબ ડિઝાઇન, મશીનિષ્ટ, ટર્નર, ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિકલ, ઈલેક્ટ્રોનિક્સ, ફીટર, મિકેનિક મોટર વ્હીકલ, ડીઝલ મિકેનિક, વેલ્ડર, પ્લમ્બર, આર્મેટર, ટુ વ્હીલ રીપેરર, સર્વેયર, બ્યુટી પાર્લર, સીવણ, ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ છે. રાજ્ય સરકાર દ્વારા સંચાલિત આ સંસ્થા ખાતે મહિલા, એસ.સી, એસ.ટી, દિવ્યાંગ અને એક્સ આર્મીમેન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનિઓને નિઃશુલ્ક પ્રવેશ મળે છે. જયારે જનરલ અને બક્ષીપંચ ભાઈઓને માસિક ૧૦૦ રૂ ફીમાં તાલીમ માટે પ્રવેશ મેળવવાની તક છે.વિવિધ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સત્તાવાર વેબસાઇટ https://itiadmission.gujarat.gov.in પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તા. ૨૩.૦૬.૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી ન પડે તે માટે આઈ.ટી.આઈ. અમરેલી કેમ્પસ ખાતે એક નિઃશુલ્ક 'હેલ્પ સેન્ટર' કાર્યરત કરવામાં આવ્યું છે.આ ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ઘરે બેઠા જ પોતાના જરૂરી તમામ દસ્તાવેજો (Documents) સંસ્થાના સત્તાવાર વોટ્સએપ નંબર (૯૪૨૯૦ ૯૮૧૬૮) પર મોકલીને વિનામૂલ્યે પોતાનું ફોર્મ ભરાવી શકશે, તેમ આચાર્યશ્રી, આઈ.ટી.આઈ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વેરાવળ નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ



મિતેશ પરમાર, વેરાવળ,

વડાપ્રધાનશ્રી મોદીના નેતૃત્વમાં વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય કક્ષાએ તેમજ નગરપાલિકા કક્ષાએ 'જનકલ્યાણ શિબિર' યોજવામાં આવી રહી છે. જેના અનુસંધાને વેરાવળ ખાતે નગરપાલિકા કોમ્યુનિટી હોલમાં જન કલ્યાણ શિબિર યોજાઇ હતી.

નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલી આ જનકલ્યાણ શિબિરમાં પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ લાભાર્થીઓને સેંકશન લેટર, નવી અરજીઓ સ્વીકારવાની કામગીરી તેમજ વિવિધ સરકારી યોજનાઓ અંગેની સેવાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ઉપરાંત લાભાર્થીઓને આયુષ્માન ભારત યોજના, નમો શ્રી યોજના,પીએમ સ્વનિધિ યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના, સરસ્વતી યોજના સહિતની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી અને પાત્ર ધરાવતા લાભાર્થીઓને લાભ પહોંચાડવામાં આવ્યો હતો.આ શિબિર દરમિયાન લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ જરૂરી અરજીઓનો સ્વીકાર કરી અને સ્થળ પર જ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી નગરપાલિકાના સેક્રેટરી શ્રી દિગંત દવેએ કરી હતી. આ જનકલ્યાણ શિબિરમાં વેરાવળ-પાટણ નગરપાલિકા પ્રમુખ શ્રી નરેશભાઈ ગોહેલ, ઉપપ્રમુખ શ્રી હેમીબેન જેઠવા, કારોબારી ચેરમેન શ્રી ઉદયભાઇ શાહ, અગ્રણી શ્રી સંજયભાઈ પરમાર, પ્રાંત અધિકારી શ્રીજે.વી. કાકડિયા,મામલતદાર શ્રી આર.વી.પરસાણીયા સહિત નગરપાલિકાના સદસ્યશ્રીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ગીર સોમનાથ જિલ્લામાં વન વિસ્તાર અને ઈકો-સેન્સિટિવ ઝોનની આસપાસ સાસણ-ગીરની ૩૦૮ હોટલ-રિસોર્ટમાંથી ૨૨૧માં નિયમભંગ

## હાઈકોર્ટમાં રજુ થયેલા સોગંદનામામાં ખુલાસો: ૨૦ સીલ, ૧૯૧ને નોટીસ: સતત મોનીટરીંગ કરવા સુચના



અમરેલી:

ગીર સોમનાથ જિલ્લામાં વન વિસ્તાર અને ઈકો-સેન્સિટિવ ઝોનની આસપાસ ધમધમતા હોટેલ, રિસોર્ટ અને હોસ્પિટાલિટી યુનિટોની તપાસમાં મોટા પાયે ગેરરીતિઓ સામે આવી છે.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલી સુઓ મોટુ રિટ પિટિશન (પીઆઈએલ) નંબર ૨૮૪/૨૦૧૪માં ગીર સોમનાથના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાયે કોર્ટના ૧ એપ્રિલ ૨૦૨૬ના મૌખિક હુકમના પાલનમાં સોગંદનામું રજૂ કર્યું છે, જેમાં તપાસની વિગતવાર સ્થિતિ રજૂ કરવામાં આવી છે. આવા બધા યુનિટો સામે કાર્યવાહી કરીને તેઓ રહેણાક જગ્યામાં ફરી વખત કોમર્શિયલ પ્રવૃતિ નહીં ચલાવે તે મતલબની બાહેધરી લઈને તેનું કાયમી યોગ્ય મોનીટરીગ કરવા માટે હાઈકોટ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે. રહેણાંકમાં હોમ સ્ટે ચલાવતા હોય તેવા ૧૨૭ યુનિટો તંત્ર દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે.

સોગંદનામા મુજબ રેવન્યુ અને ફોરેસ્ટ વિભાગની સંયુક્ત ટીમોએ જિલ્લાની હદમાં, ઈકો-સેન્સિટિવ ઝોનની અંદર અને આસપાસના વિસ્તારોમાં જમીનના ઉપયોગ, બાંધકામની કાયદેસરતા અને જરૂરી પરવાનગીઓના પાલનની ચકાસણી માટે વિગતવાર તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન કુલ ૩૦૮ હોસ્પિટાલિટી યુનિટોની ઓળખ કરી તેમની પ્રત્યક્ષ તપાસ કરવામાં આવી. તેમાંથી ૮૭ યુનિટ કોઈપણ ખામી વિના કાયદેસર રીતે ચાલતા હોવાનું જણાયું, જ્યારે બાકીના ૨૨૧ યુનિટોમાં વિવિધ પ્રકારની ખામીઓ અને ગેરરીતિઓ નોંધાઈ.આ ૨૨૧ ખામીયુક્ત યુનિટોને ગંભીરતાના આધારે બે વર્ગમાં વહેંચવામાં આવ્યા છે, જેમાં ૧૬૩ યુનિટમાં નાની ખામીઓ અને ૫૮ યુનિટમાં મોટી ખામીઓ જણાઈ આવી. સોગંદનામામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે નાની ખામીઓ સુધારી શકાય તેવી પ્રકૃતિની છે અને તે મુખ્યત્વે મંજૂર બાંધકામ યોજનામાંથી નજીવા ફેરફાર, મંજૂરીમાં વિસંગતતા અથવા જરૂરી લાયસન્સ અપડેટ ન કરાયા હોવા જેવી પ્રક્રિયાગત કે ટેકનિકલ બાબતો સાથે સંકળાયેલી છે. આ વર્ગીકરણમાં એ બાબત પણ ધ્યાનમાં લેવાઈ છે કે જ્યાં બાંધકામની હદ જમીન ધારણ કરતાં મર્યાદિત અને પ્રમાણસર છે અને કોઈ મોટા વ્યાપારી શોષણનો સંકેત આપતી નથી.

બીજી તરફ મોટી ખામીઓમાં બિન-ખેતી પરવાનગી મેળવ્યા વિના જમીનનો હોસ્પિટાલિટી પ્રવૃત્તિ માટે ઉપયોગ, જ્યાં લાગુ પડતું હોય ત્યાં વન વિભાગની જરૂરી પરવાનગી વિના યુનિટ ચલાવવા, સરકારી અથવા પ્રતિબંધિત જમીન પર ગેરકાયદે બાંધકામ અને જમીન વપરાશ તથા પર્યાવરણીય નિયમન સંબંધિત કાયદાકીય જોગવાઈઓના અન્ય ગંભીર ઉલ્લંઘનનો સમાવેશ થાય છે.આ ગંભીર ઉલ્લંઘનો સામે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને અન્ય લાગુ કાયદાઓ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સંબંધિત યુનિટ ધારકોને ૧૯૧ શો કોઝ નોટિસ ફટકારવામાં આવી છે.

# રાજકોટમાં ફૂડ વિભાગ દ્વારા દ્વારા પ્રથમવાર બે પેઢીને સીલ કરાઈ

### વાસી શાકભાજી, મંચુરીયન દાઝીયું તેલ મળી આવ્યું : ૩૮૭ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરી કુલ રૂ. ૮૪,૪૦૦નો દંડ વસુલાયો, ૬ શંકાસ્પદ નમુના લેવાયા





તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટમાં ખાદ્યજન્ય અને પાણીજન્ય રોગચાળાને કાબૂમાં રાખવા માટે મનપાની ફૂડ શાખાને વર્ષ આખુ દોડતી રાખવા માટે ગઇકાલે જ મેયર ડો.નેહલ શુક્લ, સ્ટેન્ડીંગ ચેરમેન પરેશભાઇ પીપળિયા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, નેતા ડો.હિરેનભાઇ ખીમાણિયા અને દંડક સંજયસિંહ રાણા સહિતના પદાધિકારીઓએ આરોગ્ય(ફૂડ) શાખાના અધિકારીઓને ચાબુક મારતા જ સમગ્ર શહેરમાં ખાણી-પીણીના ધંધાર્થીઓને ત્યા ચેકિંગની ધોંસ બોલાવવાનું ચાલુ થયુ છે.

બે દિવસમાં શહેરના ત્રણેય ઝોનમાં થઇને ૬૩ સ્થળે દરોડા પાડવામા આવ્યા હતા. ૨૮૭ કિલોથી વધુ અખાદ્ય વાસી જથ્થો પકડાયો હતો. એ પૈકી ગંદકીથી ખદબદતા બે પ્રખ્યાત રેસ્ટોરેન્ટ ગોંડલ રોડ પર બોમ્બે હોટલ પાસે શ્રીરામ ચાઇનીઝ એન્ડ પંજાબી તેમજ મવડી બાયપાસ પર રિયલ પ્રાઇમની સામે આવેલા બાલાજી ઢોસા સેન્ટરને સીલ કરી દેવામા આવ્યુ છે. અન્ય જાણીતી રેસ્ટોરેન્ટ સર્વેશ્વર ચોકમાં વર્ણીરાજ ફૂડ ઝોન(નેપલ્સ પીઝા)ને આરોગ્યના ધારાધોરણો જાળવવા સબબ નોટિસ ફટકારવામા આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ગોંડલ રોડ, બોમ્બે હોટલ, વૃધ્ધાશ્રમ સામે, આવેલ "શ્રી રામ ચાઇનીઝ પંજાબી (રેસ્ટોરન્ટ)", પેઢીને સીલ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા માટે નોટિસ આપવામાં આવેલ. સ્થળ પરથી આશરે ૧૦ થી ૧૨ કિ.ગ્રા વાસી અખાદ્ય ખોરાક મળી આવતા તેનો નાશ કરવામાં આવેલ.જ્યારે મવડી બાયપાસ રોડ, રિયલ પ્રાઇમ ની સામે આવેલ "બાલાજી ઢોસા સેન્ટર"માં પણ અનહાઈજેનિક કન્ડિશનમાં ખાદ્ય ચીજો બનાવવા તેમજ વાસી અને અખાદ્ય ચીજોનો સ્ટોરેજ જોવા મળેલ હોવાથી પેઢીને સીલ કરવામાં આવેલ. આ રેસ્ટોરેન્ટમાં ફૂડ લાયસન્સ પણ ન હતુ. ત્યાથી કુલ ૧૧૫ કિ.ગ્રા.વાસી અને અખાદ્ય ખોરાકનો નાશ કરી રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકારવામા આવ્યો છે.આ ઉપરાંત મનપાની ચેકીંગ ટુકડીએ મવડી ચોકડી થી બાપા સીતારામ ચોક ૧૫૦ ફૂટ રિંગરોડ, સર્વેશ્વરચોક, વર્ણીરાજ ફૂડ ઝોન (નેપલ્સ પીઝા), રેસકોર્સ રિંગ રોડ, સોરઠિયાવાડી સર્કલ થી ભક્તિનગર સર્કલ સુધી ૮૦ રિં રોડ, આઈ.ટી.આઈ. હોકર્સ ઝોન તેમજ આજી ડેમ ચોકડીથી માંડા ડુંગર સુધી, રણુજા મંદિર પાસે કોઠારીયા મેઈન રોડ સ્થળેથી કુલ મળી ૬૩ પેઢી, રેસ્ટોરંટ, તથા હોકર્સ ઝોનની તપાસ કરતાં કુલ ૨૬૦ ઊં.ઋ. અખાદ્ય વાસી જથ્થાનો નાશ કરી કુલ ૨૬ પેઢીને સ્ટોરેજ તથા હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ ફટકારવામા આવી છે. કુલ રૂ.૭૪,૪૦૦ની પેનલ્ટી વસૂલવામાં આવી છે.

આ ઉપરાંત નાનામવા રોડ ઉપર સમભાવધ કોમ્પલેક્ષમાં આવેલ શ્રીજી મઠાવાલામાંથી અમેરિકન ડ્રાયફ્રુટ શ્રીખંડ તથા વેનિલા આઈસ્ક્રીમ, રેસકોર્ષ પાર્ક, એરપોર્ટ રોડ પર આસુતોષ કોઠી આઈસ્ક્રીમમાંથી લુઝ આઈસ્ક્રીમ, અમિન માર્ગ પર મહેશ વિજય ડેરીમાંથી પાઈનેપલ શ્રીખંડ તેમજ મેંગોચિપ શ્રીખંડના નમુના લઈ લેબ.માં મોકલવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગર પાલિકાની રેડમાં બાલાજી ઢોસા મવડીમાં ગ્લેસિયલ એસિટિક એસિડ ઉમેરવામાં આવતું હોવાની ચિંતાજનક માહિતી સામે આવી છે. આ એસિડ સામાન્ય રીતે લેબોરેટરીમાં રાસાયણિક પ્રયોગો માટે વપરાય છે અને તે અત્યંત સાંદ્ર અને હાનિકારક છે. આ એસિડના નાના પ્રમાણમાં પણ ખોરાકમાં ઉપયોગથી પેટમાં દુખાવો, અલ્સર, ગળામાં બળતરા, ઉલટી અને લાંબા ગાળે લિવર-કિડનીને નુકસાન જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓ થઈ શકે છે. ફૂડ સેફટી નિયમો અનુસાર આવા ઔદ્યોગિક અને લેબોરેટરી કેમિકલ્સનો ખાદ્યપદાર્થોમાં ઉપયોગ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.

# રાજકોટ ઝૂમાં સિંહણ ધારાએ બીજી વખત આપ્યો ત્રણ એશિયાઈ સિંહબાળને જન્મ

### નવા જન્મ બાદ રાજકોટ પ્રાણીઉદ્યાનમાં એશિયાઈ સિંહોની સંખ્યા ૧૭ પર પહોંચી



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા મેયર ડૉ. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડૉ. હિરેનભાઈ ખીરાણીયા અને શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માર્ગદર્શન મુજબ આધુનિક ઢબે વિકાસ કરતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખૂબ જ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. 'જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૦૦ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. વન્યપ્રાણી વિનિમય યોજના હેઠળ રાજકોટ ઝૂદ્વારા ભારતના અન્ય ઝૂપાસેથી જુદી જુદી પ્રજાતિઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે.

ઝૂના વેટરનરી અધિકારીઓ અને ટીમ દ્વારા સીસીટીવી મારફતે માતા તથા બચ્ચાંનું ચોવીસ કલાક નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. સિંહણ ધારાએ બીજી વખત બચ્ચાંને જન્મ આપ્યો છે. અગાઉ ડિસેમ્બર-૨૦૨૨માં પણ તેણે બે સિંહબાળને જન્મ આપ્યો હતો. નવા ત્રણ સિંહબાળના જન્મ સાથે રાજકોટ પ્રાણીઉદ્યાનમાં એશિયાઈ સિંહોની કુલ સંખ્યા ૧૭ થઈ ગઈ છે. જેમાં ૪ પુખ્ત નર, ૮ પુખ્ત માદા, ૨ પાઠડા નર અને ૩ નવા જન્મેલા બચ્ચાંનો સમાવેશ થાય છે. રાજકોટ ઝૂમાં કુદરતી જંગલ જેવું નૈસર્ગિક વાતાવરણ ઉપલબ્ધ હોવાથી એશિયાઈ સિંહ અને સફેદ વાઘ જેવા પ્રાણીઓનું સફળ સંવર્ધન થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે કુલ ૧૫ સિંહબાળનો જન્મ નોંધાયો છે. વન્યપ્રાણી વિનિમય યોજના હેઠળ રાજકોટ ઝૂએ દેશના વિવિધ પ્રાણીઉદ્યાનો સાથે પ્રાણી-પક્ષીઓની આપ-લે કરીને સંકલન વધાર્યું છે. હાલમાં રાજકોટ ઝૂમાં ૭૦ વિવિધ પ્રજાતિના કુલ ૬૧૮ વન્યપ્રાણી અને પક્ષીઓ મુલાકાતીઓ માટે પ્રદર્શિત કરવામાં આવે છે.

# પી ડી એમ ફાટક પાસે શહેરનો સૌથી લાંબો ઝેડ આકારનો અંડરબ્રિજ નિર્માણ થશે

### ૭૦૦૦ મીટરની લંબાઈ ધરાવતો બ્રિજ રૂ.૪૦.૮૬ કરોડના ખર્ચે બનાવાશે



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

ગોંડલ રોડ પર જવા માટે મહત્વના ગણાતા પી ડી એમ માલવીયા કોલેજ પાસેના ફાટક પર ઝેડ આકારનો અંડરબ્રિજ રૂ.૪૦.૮૬ કરોડના ખર્ચે મંજૂર કરાયો હતો. ચૂંટણી સમયે કામગીરી અટકી હતી તે પ્રક્રિયા ફરી શરૂ કરવામાં આવી છે.પ્રાપ્ત વિગત મુજબ રાજકોટને ફાટક મુક્ત બનાવવાની દિશામાં વધુ એક મોટું પગલું લેવામાં આવ્યું છે. શહેરના મુખ્ય માર્ગો ગોંડલ રોડ અને ઢેબર રોડને જોડતા પી ડી એમ રેલવે ફાટક નીચે રૂ.૫૦ કરોડના અંદાજિત ખર્ચે કુલ ૭૦૦ મીટર લંબાઈનો અંડરબ્રિજ બનાવવાની યોજનાને સરકારના ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન વિભાગે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ અંડરબ્રિજ રાજકોટનો સૌથી લાંબો અંડરબ્રિજ બનશે, જે પૂર્વ સીએમ વિજયભાઈ રૂપાણીના કાર્યકાળમાં શરૂ કરાયેલા ફાટક મુક્ત રાજકોટ અભિયાનને આગળ ધપાવશે. આ અંડરબ્રિજ બનતા હજારો લોકોને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે.આ બ્રિજ માટે પ્રારંભિક સર્વે પૂર્ણ થઈ ગયો છે. મનપાએ બ્રિજની ડિઝાઈન તૈયાર કરવા અને કપાતમાં આવતી મિલકતોનો સર્વે કરવા માટે સલાહકારની નિમણૂક કરી હતી. જેણે પોતાનો પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરી લીધો છે. રિપોર્ટ મુજબ, અંદાજે ૫૦ કરતા વધારે મિલકતોમાં નાની-મોટી કપાત આવી શકે છે. ખાસ કરીને ઢેબર રોડ પર ઢેબર કોલોનીથી ગોપાલનગર શેરી નં. ૧ સુધીની મિલકતો કપાત હેઠળ આવી શકે છે. મનપાએ ઢેબર રોડ પરની આ મિલકતોને 'લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ' (LOP) હેઠળ મૂકી છે એટલે કે જાહેર હિતમાં મનપા દ્વારા આ મિલકતોના અમુક ભાગની કપાત કરવામાં આવશે.

પ્રાથમિક જાણકારી મુજબ રોડની એક જ બાજુએ કપાત આવે એવી શક્યતા છે. રેલવે તંત્રએ પણ મનપાને સંપૂર્ણ સહયોગ આપવા ખાતરી આપી છે. આ ફાટકનો ઉપયોગ જી બસો સહિતના ભારે વાહનો દ્વારા થતો હોવાથી ૭૦૦ મીટરની મોટી લંબાઈનો બ્રિજ બનાવવાની જરૂરિયાત છે. હવે LOP હેઠળ આવતી તમામ કપાતની મિલકતોનો સર્વે TP વિભાગ દ્વારા કરવામાં આવશે. આ સાથે જ રેલવેની મંજૂરી અને ટેન્ડર પ્રક્રિયા સહિત જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે. ટૂંક સમયમાં કપાતમાં આવતી ૫૦થી વધુ મિલકતોને નોટિસ પણ આપવામાં આવશે.

**ગત વર્ષે સરકારે ગ્રાન્ટ ફાળવી' તી**

રાજકોટ મહાનગરપાલિકા અને રેલવે વિભાગે શહેરની મધ્યમાં આવતા આ રેલવે ફાટક પર ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે આ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપી છે. આ પ્રોજેક્ટ માટે ગત વર્ષે રાજ્ય સરકારે ૪૦ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. તાજેતરમાં ધારાસભ્ય રમેશ ટીલાળાએ પણ આ અંડરબ્રિજ ઝડપથી બનશે એવી જાહેરાત કરી હતી. ત્યારે હવે રેંલ્વેના વિભાગની સૈદ્ધાંતિક મંજૂરી બાદ પ્રોજેક્ટને આગળ વધારવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

**એસ્ટિમેટ તૈયાર કરીને સ્ટેન્ડિંગમાં મૂકાશે**

રાજકોટનાં પી ડી એમ રેલવે ફાટક નીચે રૂ. ૫૦ કરોડનાં ખર્ચે શહેરનો સૌથી લાંબો ૭૦૦ મીટરનો અંડરબ્રિજ બનાવવામાં આવનાર છે. ગોંડલ રોડ અને ઢેબર રોડને જોડતા પી ડી એમ કોલેજ પાસેના રેલવે ફાટક પર અંડરબ્રિજ બનાવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી આપી રૂ.૪૦.૮૩ કરોડની ફાળવણી પણ કરી છે. ત્યારે હવે આ અંડરબ્રિજના ખર્ચનું એસ્ટિમેટ તૈયાર કરીને સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પણ દરખાસ્ત રજૂ કરવામાં આવશે. જે મંજૂર થયા બાદ આ અંડરબ્રિજનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે. આ બ્રિજ બન્યા બાદ શહેરનાં હજારો નાગરિકોને ટ્રાફિક સમસ્યામાંથી મોટી રાહત મળશે.

# રાજકોટની ખોડીયાર ડેરી પાસે મારૂતિવાનમા શોર્ટ સર્કિટથી લાગી આગ: મોટી દુર્ઘટના ટળી

રાજકોટ,

રાજકોટના દૂધસાગર રોડ, ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાર્ટસ, વેલનાથ ચોક પાણીના ટાંકા પાસેના મેઈન રોડ પર ખોડીયાર ડેરી પાસે શેરીમાં મારૂતિવાનમાં આગ લાગેલ.

બનાવની જાણ થતાની સાથે જ બેડીપરા ફાયર સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવી સંપૂર્ણ આગ પર કાબુ મેળવ્યો હતો. મારૂતિવાન (જી.જે. ૧૪ ઇ ૦૧૧૬) ના માલિક મનજીતભાઈ નરસડા સ્થળ પર હાજર હતા. બેડીપરા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર પ્રકાશભાઈ મકવાણા બનાવના સ્થળ પાસેથી નિકળેલ. તેઓએ સમયસૂચકતા દાખવી સ્થાનિક લોકો સાથે મળી આગ બુઝાવીની કામગીરી કરેલ.આ મારૂતિવાનનો ઉપયોગ ગોલાના વેચાણ માટે ત્યાં આવ્યા હતા. તે સમયે કોઈ કારણોસર શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. બનાવમાં સદનસીબે કોઈપણ પ્રકારની જાનહાનિ થયેલ નથી. ફાયર સ્ટેશનના પંકજભાઈ ટાંક, રાજેશભાઈ, દિવ્યેશભાઈ, નિર્મળસિંહ, મહિપાલસિંહ અને જીજ્ઞેશભાઈ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# ગેરકાયદેસર ટ્યુશન, ડમી શાળાઓ અને ડે-સ્કૂલ દૂષણ મુદ્દે શિક્ષણવિદો મેદાને

### સમયબદ્ધ પગલાં નહીં લેવાય તો 'શિક્ષણ બચાવો' આંદોલનની ઉચ્ચારી ચીમકી

રાજકોટ

ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થાને કલંકિત કરતી ગેરરીતિઓ, ગેરકાયદેસર ટ્યુશન ક્લાસીસ, ડમી સ્કૂલો અને ડે-સ્કૂલ જેવી પ્રથાઓ સામે હવે શિક્ષણવિદોએ ખુલ્લો મોરચો માંડ્યો છે. ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન-ગુજરાત, અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ અને રાજ્યના વિવિધ જિલ્લાઓના શૈક્ષણિક સંગઠનોના પ્રતિનિધિઓએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને રૂબરૂ રજૂઆત કરી કડક કાર્યવાહીની માંગ ઉઠાવી છે. ફેડરેશને રજૂઆતમાં જણાવ્યું કે, રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ફરજ બજાવતા કેટલાક શિક્ષકો નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી ખાનગી ટ્યુશન ચલાવી રહ્યા છે. સરકારી પગાર મેળવતા હોવા છતાં વિદ્યાર્થીઓને ફી આધારિત ખાનગી શિક્ષણ તરફ દોરી જવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં તો શાળાના વર્ગખંડો અને શૈક્ષણિક માળખાનો ઉપયોગ પણ ગેરકાયદેસર રીતે ટ્યુશન માટે થતો હોવાનું જણાવાયું છે. ફેડરેશને આ મામલે દસ્તાવેજી પુરાવા, ફોટોગ્રાફ્સ તેમજ સંકળાયેલા શિક્ષકોની વિગતો સરકાર સમક્ષ રજૂ કરી તાત્કાલિક તપાસની માંગ કરી છે.આવેદનમાં રાજ્યમાં વધી રહેલી ડમી સ્કૂલો અને ગેરકાયદેસર ડે-સ્કૂલ મોડેલ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અનેક વિદ્યાર્થીઓ માત્ર બોર્ડ પરીક્ષા માટે જ શાળામાં નોંધાયેલા હોય છે, જ્યારે વાસ્તવિક અભ્યાસ કોચિંગ સેન્ટરોમાં કરવામાં આવે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (ન્ઈઁ-૨૦૨૦) ના સુધારાઓને આ પ્રવૃત્તિઓ નિષ્ફળ બનાવી રહી છે. તેથી સરકાર દ્વારા વિશેષ અભિયાન ચલાવી આવા માળખાઓની ઓળખ કરી કડક પગલાં ભરવા જરૂરી છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ મુજબ ગુજરાતમાં કોચિંગ સેન્ટરોના નિયમન માટે તૈયાર થઈ રહેલા કાયદાને ઝડપથી અમલમાં મૂકવાની માંગ કરાઈ છે. ફેડરેશને રાજ્યવ્યાપી સર્વે હાથ ધરી ગેરકાયદેસર ટ્યુશન અને ડમી સ્કૂલોની તપાસ માટે ૧ વિશેષ સમિતિ રચવાની તેમજ ફરિયાદો માટે રાજ્ય સ્તરે ૧ હેલ્પલાઈન અને ઓનલાઈન પોર્ટલ શરૂ કરવાની ભલામણ કરી છે.

# વીજલાઇન વળતર મુદ્દે જેતપરના ખેડૂતોએ ન્યાય માટે કર્યો અન્નનો ત્યાગ

### ગાંધીનગર કૂચ બાદ પણ તંત્ર ન જાગતા ખેડૂતો અડગ; 'આંદોલન પાર્ટ-૨'

મોરબી

મોરબીના જેતપર ગામે ખેતરોમાંથી પસાર થતી ખાનગી કંપનીની વીજલાઈન અને પોલના યોગ્ય વળતર મુદ્દે ખેડૂતોનો રોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. તંત્ર અને કંપનીની ઉદાસીનતા સામે આક્રોશ વ્યક્ત કરતા ખેડૂતો હવે 'આંદોલન પાર્ટ-૨' ના મંડાણ કર્યા છે, જેમાં ગઈકાલથી ગામના પાંચ અગ્રણી ખેડૂતો અન્નનો ત્યાગ કરી આમરણાંત ઉપવાસ પર ઉતરી ગયા છે. આજે ઉપવાસના બીજા દિવસે પણ રામધૂન સાથે આંદોલન તેજ, વળતર ન મળે ત્યાં સુધી હટશે નહીં.

ગઈકાલથી શરૂ થયેલા આ આમરણાંત ઉપવાસ દરમિયાન રાત્રે રામધૂનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. આંદોલન ચલાવી રહેલા ખેડૂતોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, "જ્યાં સુધી કાયદા મુજબ યોગ્ય વળતર નહીં મળે, ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે અને અમે એક પણ ઈંચ પાછા હટીશું નહીં." બીજી તરફ ખેડૂતોનો આ મિજાજ જોતા આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બને તેવા પૂરેપૂરા એંધાણ દેખાઈ રહ્યા છે. ખેડૂતો પોતાની માંગણીઓ પર મક્કમ દેખાઈ રહ્યા છે અને આસપાસના અનેક ગામના ખેડૂતોએ પણ આ લડતને વ્યાપક સમર્થન જાહેર કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જેતપર ગામમાંથી પસાર થતી વીજ લાઈનને લઈ ખેડૂતો છેલ્લા ઘણા સમયથી કાયદા મુજબના યોગ્ય વળતરની માંગ કરી રહ્યા છે. આ પૂર્વે ખેડૂતો દ્વારા બે વખત ઉગ્ર ચક્કાજામના કાર્યક્રમો આપી વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, પોતાની રજૂઆત સરકાર સુધી પહોંચાડવા મોટી સંખ્યામાં ખેડૂતો ગાંધીનગર કૂચમાં પણ જોડાયા હતા. જોકે, ગાંધીનગર કૂચ બાદ પણ તંત્ર કે કંપની દ્વારા કોઈ સકારાત્મક કાર્યવાહી ન કરવામાં આવતા આ કૂચ નિષ્ફળ નીવડી હતી. આખરે કંટાળેલા ખેડૂતોએ હવે જાતે જ ન્યાયની લડત લડી લેવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.